
શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

Retail Price
Rs. 10/- Each

દીપાવલી વિશેષાંક

# દિવ્યધ્વનિ



વર્ષ : ૪૫ ❖ ❖ ❖ નવેમ્બર - ૨૦૨૧ ❖ ❖ ❖ અંક :૧૧

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)

કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)

મો.નં. ૯૪૨૮૬૬૨૩૮૬ (કાર્યાલય / એકાઉન્ટ્સ), ૯૪૨૮૬૬૨૩૭૬ (રિસેપ્શન / આવાસ)

E-mail : mail@shrimadkoba.org, Web.: www.shrimadkoba.org

# નૂતન વર્ષાભિનંદન

નૂતન વર્ષનું પદાર્પણ થઈ ચૂક્યું છે. આપણું સમસ્ત જીવન સદ્‌વિચાર અને સદાચારથી સુરભિમય બને તેવો સન્નિષ્ઠ પ્રયત્ન કરીએ. નૂતન વર્ષમાં આપણે સૌ પ્રભુ-ગુરુની આજ્ઞાનુસાર ચાલી, સમસ્ત જીવનને સુસંસ્કારરૂપી પરિમલથી સુશોભિત બનાવીએ તથા સદ્‌ગુણોરૂપી સુમનોની ખીલવણી દ્વારા સાચા અર્થમાં **જીવનઉપવન** બનાવવાનો હૃદયપૂર્વકનો પુરુષાર્થ આદરીએ. વિવેકપૂર્વક જીવવાની જીવનકળા નૂતન વર્ષમાં આપણને સહુને પ્રાપ્ત થાઓ.

નૂતન વર્ષ સર્વને સુખ-શાંતિ-આરોગ્ય પ્રદાન કરનારું, ધર્મવર્ધક તથા અભ્યુદયને અર્પનારું નીવડે તેવી પરમાત્માને પ્રાર્થના છે.


**સંસ્થાપક, પ્રેરક : શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી**

**સંપાદક : શ્રી મિતેશભાઈ એ. શાહ**

**મૂલ્ય : રૂા. ૧૦-૦૦**

**પ્રકાશક : શ્રી નીતિનભાઈ આઈ. પારેખ (પ્રમુખ)**

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**

**કોબા-૩૮૨ ૦૦૭, જિ. ગાંધીનગર (ગુજરાત)**

**મોબાઈલ : ૯૪૨૮૬૬૨૩૮૬ / ૯૪૨૮૬૬૨૩૭૬**

**Web : www.shrimadkoba.org**

**E-mail : mail@shrimadkoba.org**


बह्वारम्भ - परिग्रहत्वं नारकस्यायुषः ।


| ટાઇપ સેટિંગ : દીપકમલ ગ્રાફિક્સ, સાબરમતી ફોન : ૭૩૮૩૬ ૯૨૩૪૦ | મુદ્રક : ભગવતી ઓફસેટ, ૧૫/સી, બારડોલપુરા, અમદાવાદ. ફોન : ૨૨૧૬ ૭૬૦૩ |
|---|---|

# નૂતન વર્ષાભિનંદન

**ધર્મપ્રેમી ભાઈશ્રી / બહેનશ્રી** ................................

................................

આ નૂતન વર્ષે આપનું જીવન પવિત્ર, રસમય, પ્રેમમય, પ્રામાણિક અને પ્રકાશમય બની રહો !

આ નૂતન વર્ષે આપનું જીવન સદ્‌ગુણોની સુવાસથી મહેકી ઊઠો !

આ નૂતન વર્ષે આપનો જીવનપંથ પરમકૃપાળુ પરમાત્મા સરળ અને સફળ બનાવે !

આ નૂતન વર્ષે વિષમ ઝંઝાવાતમાં આપનો આત્મશ્રેયનો દીપક ઝળહળતો રહો !

આ નૂતન વર્ષે વૈવિધ્યપૂર્ણ સદ્‌ગુણોની હરિયાળી ક્રાંતિ દ્વારા સાચા અર્થમાં **જીવન ઉપવન** બનાવવાનો સત્પુરુષાર્થ આદરીએ !

આ નૂતન વર્ષે આપના જીવનરૂપી સમુદ્રમાં સદા આનંદરૂપી મોજાં ઊછળતાં રહો !

આ નૂતન વર્ષે આપણે પરમાત્માએ બતાવેલા અભ્યુદયના માર્ગે પ્રયાણ આદરીએ !

આ નૂતન વર્ષે કુટુંબમાં, સમાજમાં પરસ્પર પ્રેમ, ઐક્ય અને આનંદ વૃદ્ધિ પામો. વિશ્વમાં મહામારી જેવા રોગો શાંત થાઓ, નિરામય, સ્વસ્થ જીવન પ્રાપ્ત કરો.

આ અમારી અંતરની શુભેચ્છાઓ છે.

શુભેચ્છક : ................................................

................................................

સ્થળ : ................................................

## પ્રકાશકીય નિવેદન


દિવાળીના મંગળમય દિવસો દરમિયાન સુવિચારોના સંપુટરૂપ સાત્ત્વિક સાહિત્ય સમાજની સેવામાં સમર્પિત કરવાની પરંપરામાં નવા વર્ષની આ નવલી **એકતાલીસમી** લઘુ પુસ્તિકા રજૂ કરતાં અમો પ્રસન્નતા અનુભવીએ છીએ. દિવાળીના અભિનંદન કાર્ડ તો થોડા દિવસોમાં જ પસ્તીમાં જાય, જ્યારે સાંસ્કૃતિક અને સાત્ત્વિક સાહિત્ય આપના કુટુંબના નાના-મોટા સૌ સભ્યો પોતાની નવરાશે વાંચે અને વાગોળે. વર્તમાનકાળમાં જેનો ઘણો દુષ્કાળ વર્તે છે તેવા માનવતાવાદના પાયારૂપ ગણી શકાય તેવા સેવાભાવ, શાંતિ, સ્નેહ, સહકાર, કરુણા, કૌટુંબિક વાત્સલ્ય, પ્રેમ, સરળતા, વિનયાદિ ગુણો કેળવવાની પ્રેરણા પામીને આપણે સૌ વિશાળ રાષ્ટ્રરૂપી કુટુંબના પ્રેમાળ સભ્યરૂપે આપણું વ્યક્તિત્વ કેળવીએ. આમ કરીશું તો વ્યક્તિ અને સમષ્ટિને સાંસ્કૃતિક, શૈક્ષણિક, આધ્યાત્મિક, આર્થિક અને નૈતિક વિકાસ સાધવામાં સરળતા પડશે એમ અમારું માનવું છે.

આશા છે કે લક્ષ્મી કરતાં સંસ્કાર, જડવાદ કરતાં અધ્યાત્મવાદ અને સ્વાર્થ કરતાં પરમાર્થને અગ્રસ્થાન આપનાર ભારતીય પ્રજા તથા વિદેશી પ્રજા આ પ્રકાશનનો લાભ લઈ, તેનો સદુપયોગ કરી સેવાભાવી કાર્યકરોનો ઉત્સાહ વધારશે.

આ પુસ્તિકાનું સુંદર સંકલન કરવા માટે જેમના સત્સાહિત્યમાંથી પ્રેરણા લીધેલી છે તે સર્વે મહાનુભાવોનો તથા સહયોગ આપનાર સૌ ભાઈ-બહેનોનો અમો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. સ્વ-પર કલ્યાણકારી સાહિત્યનિર્માણ, સંસ્કારઘડતર, આધ્યાત્મિક સાહિત્યના સર્વતોમુખી અધ્યયનની રુચિ તથા ચારિત્ર્યવિકાસની અમારી નીતિ, રીતિ અને પ્રીતિમાં પ્રભુ અમને સન્નિષ્ઠ અને શક્તિશાળી બનાવો એ જ અભ્યર્થના !

**સાહિત્ય પ્રકાશન સમિતિ,**
**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા.**

# કર વિચાર તો પામ



- પરમાત્મામાં પરમ સ્નેહ ગમે તેવી વિકટ વાટેથી થતો હોય તો પણ કરવો યોગ્ય જ છે.
- અવિચાર અને અજ્ઞાન એ સર્વ ક્લેશનું, મોહનું અને માઠી ગતિનું કારણ છે. સદ્‌વિચાર અને આત્મજ્ઞાન તે આત્મગતિનું કારણ છે.
- જિંદગી ટૂંકી છે, અને જંજાળ લાંબી છે, માટે જંજાળ ટૂંકી કર તો સુખરૂપે જિંદગી લાંબી લાગશે.
- સરળતા એ ધર્મનું બીજસ્વરૂપ છે.
- 'હું ક્યાંથી આવ્યો ?', 'હું ક્યાં જઈશ ?', 'શું મને બંધન છે ?', 'શું કરવાથી બંધન જાય ?', 'કેમ છૂટવું થાય ?' - આ વાક્યો સ્મૃતિમાં રાખવાં.
- સંસારમાં રહ્યા છતાં ને તે નીતિથી ભોગવતાં છતાં, વિદેહી દશા રાખવી.
- દુર્જનતા કરી ફાવવું એ જ હારવું, એમ માનવું.
- ચંચળ ચિત્ત એ જ સર્વ વિષમ દુઃખનું મૂળિયું છે.
- સ્યાત્‌પદ આ વાત પણ માન્ય છે કે બનનાર છે તે ફરનાર નથી અને ફરનાર છે તે બનનાર નથી. તો પછી ધર્મપ્રયત્નમાં, આત્મિકહિતમાં અન્ય ઉપાધિને આધીન થઈ પ્રમાદ શું ધારણ કરવો ?
- એક ભવના થોડા સુખ માટે અનંત ભવનું અનંત દુઃખ નહીં વધારવાનો પ્રયત્ન સત્પુરુષો કરે છે.
- ઉદય આવેલાં કર્મોને ભોગવતાં નવાં કર્મ ન બંધાય તે માટે આત્માને સચેત રાખવો એ સત્પુરુષોનો મહાન બોધ છે.
- શાસ્ત્રમાં માર્ગ કહ્યો છે, મર્મ કહ્યો નથી. મર્મ તો સત્પુરુષના અંતરાત્મામાં રહ્યો છે.
- સમજીને અલ્પભાષી થનારને પશ્ચાત્તાપ કરવાનો થોડો જ અવસર

સંભવે છે.

- નિરુપાયતા આગળ સહનશીલતા જ સુખદાયક છે.
- સત્સંગના અભાવથી ચઢેલી આત્મશ્રેણી ઘણું કરીને પતિત થાય છે.
- કોઈના પણ દોષ જો નહીં. તારા પોતાના દોષથી જે કંઈ થાય છે, તે થાય છે, એમ માન.
- મોક્ષનો માર્ગ બહાર નથી, પણ આત્મામાં છે. માર્ગને પામેલો માર્ગ પમાડશે.
- જીવ પોતાને ભૂલી ગયો છે અને તેથી સત્સુખનો તેને વિયોગ છે; એમ સર્વ ધર્મ સમ્મત કહ્યું છે.
- ભક્તિ એ સર્વોપરી માર્ગ છે, અને તે સત્પુરુષના ચરણ સમીપ રહીને થાય તો ક્ષણવારમાં મોક્ષ કરી દે તેવો પદાર્થ છે.
- પરમાર્થ ઉપર પ્રીતિ થવામાં સત્સંગ એ સર્વોત્કૃષ્ટ અને અનુપમ સાધન છે.
- પરમાનંદરૂપ હરિને ક્ષણ પણ ન વીસરવા એ અમારી સર્વ કૃતિ, વૃત્તિ અને લેખનો હેતુ છે.
- મુમુક્ષુનાં નેત્રો મહાત્માને ઓળખી લે છે.
- ઉદયને અબંધ પરિણામે ભોગવાય તો જ ઉત્તમ છે.
- આત્માને વારંવાર સંસારનું સ્વરૂપ કારાગૃહ જેવું ક્ષણે ક્ષણે ભાસ્યા કરે એ મુમુક્ષુતાનું લક્ષણ છે.


**- પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજી**



## સાધકના 'ભાવ'

- **પુદ્ગલ પ્રત્યે ઉદાસીનભાવ**
- **કષાયો પ્રત્યે ઉપશમભાવ**
- **વિષયો પ્રત્યે અનાસક્તભાવ**
- **જીવો પ્રત્યે મૈત્રીભાવ**
- **પરમાત્મા પ્રત્યે ભક્તિભાવ**
- **સદ્ગુરુ પ્રત્યે સમર્પણભાવ**

# સત્સંગની ઉપાસના



મુમુક્ષુઓએ વિચારવું કે આપણે જ્યારે વ્યવહારમાં હોઈએ ત્યારે કેવો વ્યવહાર કરવો, કે જે મોક્ષની સન્મુખ થવામાં અવિરુદ્ધ ગણી શકાય ? તો જ્ઞાનીઓ કહે છે કે ભાઈ ! અંતરથી ન્યારા વર્તો, વિવિધ કાર્યો કરવા પડે તે વખતે પણ ભેદવિજ્ઞાનજ્યોતિને (વિવેકને) પોતાના ઈષ્ટમંત્રના માનસિક જાપ દ્વારા તથા યથાશક્તિ આત્મસ્મરણથી જાગૃત રાખવી. જ્યારે જ્યારે જેટલો જેટલો વખત નિવૃત્તિ મળે ત્યારે ત્યારે આત્માની પરિણતિ વિશેષ સાવધાનીથી સ્વરૂપમાં દોરવી.

**"અહો ! સમદૃષ્ટિ આત્મા, કરે કુટુંબ પ્રતિપાળ;**
**અંતર્ગત ન્યારો રહે, જિમ ધાવ ખિલાવે બાળ."**
**"આત્મજ્ઞાન વણ કાર્ય કંઈ, મનમાં ચિર નહીં હોય;**
**કારણ વશ કંઈ પણ કરે, બુધ ત્યાં તત્પર નો'ય."**

ઉપરોક્ત સત્પાત્રતા નિરંતર સત્સંગની ઉપાસના દ્વારા પ્રગટે છે.

## સત્સંગથી લાભાન્વિત થવાના ઉપાયો

સત્સંગનો શ્રેષ્ઠ લાભ લેવા માટે અને સત્સંગ નિષ્ફળ ન જાય તે માટે સત્સંગ કરતા સાધક જીવે નીચેની બાબતો ઉપર ખાસ લક્ષ આપવું જરૂરી છેઃ-

(૧) પોતાની માન્યતાને સાથે લઈને જીવે સત્સંગમાં જવું જોઈએ નહીં. સત્યનો સ્વીકાર કરવાનો જ જીવે આગ્રહ રાખવો. કુળધર્મને સત્સંગમાં વચ્ચે લાવવો નહીં.

(૨) 'હું જાણું છું' એ અભિમાનને તિલાંજલિ આપી 'હું કંઈક મેળવવા માટે જાઉં છું' એવો નમ્ર ભાવ રાખવો.

(૩) સંતપુરુષની હાજરી હોય તો તેમના પ્રત્યેનો અહોભાવ લાવી, પરમ વિનયવંતપણે વર્તવું.

(૪) કોઈપણ પ્રકારની લૌકિક ઇચ્છા સ્થાપિત કરી ત્યાં જવું નહીં.

(૫) લોકોને દેખાડવા માટે, ધર્મી કોઈ કહે તે માટે સત્સંગ કરવાનો નથી, પરંતુ આત્મકલ્યાણ માટે સત્સંગ છે એ વાત ઉપર બરાબર ધ્યાન આપવું.

(૬) હું કેવો સત્સંગ કરું છું, એ પ્રમાણેનું અભિમાન પણ ઉત્પન્ન ન થાય તે તરફ ખાસ લક્ષ રાખવું.

(૭) સત્સંગ દરમ્યાન, ધનાદિકથી હું મોટો છું, એવો 'ભાવ' રાખી જવું નહીં, નહીં તો એ મોટાપણાનું અભિમાન નહીં પોષાતાં જીવ ત્યાંથી પાછો વળી જાય છે, અને ગમે તેવો સત્સંગ પણ નિષ્ફળ જતાં વાર લાગતી નથી.

(૮) મુમુક્ષુઓ સર્વ સરખાં છે, એવો ભાવ અંતરમાં રાખવાથી સત્સંગ ઘણો લાભદાયક થશે.


**- શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી**

## વીણેલાં મોતી



- વાસનાનું પ્રવેશદ્વાર આંખ છે. વાસના પહેલાં આંખમાં પ્રવેશે છે. આંખમાં પ્રવેશતી વાસના પછી મનને પોતાના સકંજામાં લે છે અને મનનો કબજો જમાવી બેસી જતી વાસના પછી તો જીવનની પવિત્રતાનું બલિદાન લઈને જ રહે છે.
- કમજોરને દબાવે છે તે કદાચ 'મોટો' બની શકે છે પરંતુ કમજોરને જે બચાવે છે તે તો મહાન બની જશે.
- તમારું દુઃખ બીજાના સુખનું કારણ બને તેની બહુ ચિંતા નહીં કરતાં પણ તમારું સુખ કોઈના દુઃખનું કારણ ન બને તેનું ૧૦૦% ધ્યાન રાખજો.
- ૬૦ વર્ષ પછી તમારા પરિવારનું જીવન સુધરે તેની બહુ ચિંતા કરવાને બદલે તમારું મરણ ન બગડે તેની ચિંતા હવે ખાસ કરતા રહેજો.
- પૈસાનો સંગ્રહ કરે એને લોકો ઓળખે છે અને સમાજ માટે પૈસા વાપરે છે એને લોકો ચાહે છે.

**- પૂ. આચાર્યશ્રી વિજય રત્નસુંદરસૂરીશ્વરજી**



# પાપનો બાપ – પરિગ્રહ

એક લંગોટી માત્રનો પરિગ્રહ પણ પંચમગુણસ્થાનકથી આગળ વધવા દેતો નથી.

એક સાધુ મહારાજ હતા. તેઓ ખુલ્લા પગે ઉનાળાની ગરમીમાં ચાલી રહ્યા હતા. ત્યાંથી એક રાજા પસાર થતો હતો. રાજાએ સાધુને જોયા. રાજાએ કહ્યું, ‘‘મહારાજ આપને ઘણી ગરમી લાગી રહી હશે. માથું તપતું હશે. હું તમને એક છત્રી આપું છું. તેનાથી ગરમીમાં રાહત મળશે.’’ સાધુ કહે, ‘‘ઠીક છે, હું છત્રી રાખીને ચાલીશ પણ આ નીચે જમીન ઉપર પગ દાઝે છે તેનું શું ?’’ રાજા કહે, ‘‘કીમતી જૂતા આપીશ.’’ મહારાજ કહે, ‘‘ઠીક છે પણ આખું શરીર ઉઘાડું છે તેનું શું ?’’ રાજા કહે, ‘‘આપને ઉત્તમ વસ્ત્રો આપું છું.’’ ત્યારે સાધુ કહે, ‘‘તો પછી સાધુ અને ગૃહસ્થમાં ફરક શું રહ્યો ? એટલે રહેવા માટે મકાનની પણ જરૂર પડશે.’’ રાજા કહે છે કે હું મોટો મહેલ આપીશ. ‘‘ત્યારે રસોઈ અને સાફસૂફીનું શું રાજન્ !’’ રાજા કહે, ‘‘હું તમારો વિવાહ કરાવી દઈશ, પછી કોઈ ઝંઝટ નહીં રહે.’’ ત્યારે સાધુ કહે છે, ‘‘પછી બાળકો થાય તેનું શું ?’’ રાજા કહે છે કે તેની વ્યવસ્થા પણ હું કરીશ. ત્યારે સાધુ કહે છે, ‘‘એમાં કોઈ મરી જાય તો મારે રડવાનો વખત આવી જાય, તો મારા બદલે તમે રડશો ?’’ રાજા કહે, ‘‘રડવું તો તમારે પડે. હું બધી સેવા કરી શકું.’’ ત્યારે સાધુએ કહ્યું કે આ પરિગ્રહ જ બધા પાપનો બાપ છે. શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે, ‘‘અમારે પરિગ્રહને શું કરવો છે ? સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ.’’

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

**- બા.બ્ર. પૂજ્યશ્રી ગોકુળભાઈ શાહ**

## વજન વધે તો શું કરવું ?



**તનનું વધે તો વ્યાયામ,**
**મનનું વધે તો ધ્યાન,**
**ધનનું વધે તો દાન.**



# મહાનતાનો પાયો

સાઉથ આફ્રિકાના કેપટાઉનની નજીક આવેલા રૉબેન આઈલેન્ડ પર નેલ્સન મંડેલાને ૨૭ વર્ષ જેલમાં રાખવામાં આવ્યા હતા. તેમને અન્યાયથી જેલની સજા ફટકારવામાં આવી હતી. તેમના ઉપર ત્યાં સતત ભયંકર ત્રાસ ગુજારવામાં આવ્યો હતો. જેલની કોટડી એટલી નાની હતી કે શરીર પૂરી રીતે લંબાવી પણ શકાતું ન હતું. યુવાનીના મુખ્ય વર્ષો તેઓને જેલમાં વિતાવવા પડ્યા હતા. પોતાના ઉપર થયેલ અત્યંત ક્રૂરતા છતાં પણ તેમણે માનવતામાં વિશ્વાસ કરવાનું બંધ કર્યું ન હતું.

નેલ્સન મંડેલાને જેલમાં ધકેલવાનું કાવતરું ઘડનાર ઘણી વ્યક્તિઓમાંની એક વ્યક્તિ જોહ્ન ફૉસ્ટર. તેની એકમાત્ર ઇચ્છા હતી કે નેલ્સન મંડેલા કોઈપણ રીતે જેલમાંથી છૂટવા જોઈએ નહીં. તેથી ગમે તે પ્રકારે તેમની સજા વધારવા અને કઈ રીતે તેમને ફાંસી મળે તેવા પ્રયત્ન તેઓ કરતાં રહેતાં. તેના મનમાં એમ હતું કે કાં તો તેઓ મરી જશે, કાં તો પાગલ થઈ જશે અથવા ફાંસીએ ચડશે. પરંતુ એવું કંઈ બન્યું નહીં.

ઈ.સ. ૧૯૯૦ માં નેલ્સન મંડેલા જેલમાંથી મુક્ત થયા. સાઉથ આફ્રિકાના કાયદા બદલાતાં જોહ્ન ફૉસ્ટર એક સામાન્ય નાગરિક બની ગયા. નેલ્સન મંડેલા રાષ્ટ્રપતિના પદ માટે તૈયારી કરી રહ્યા હતા ત્યારે એક પત્રકારે તેમને પૂછ્યું કે જોહ્ન ફૉસ્ટર વિષે તમારું શું મંતવ્ય છે ? તેમણે કહ્યું કે મારા પ્રમાણે તે એક સભ્ય વ્યક્તિ છે.

રાષ્ટ્રપતિ બન્યા પછી સૌપ્રથમ તેમણે પોતાની સાથે જેલમાં જે કેદીઓ હતા તેમને બોલાવ્યા. એ લોકો ખૂબ ક્રોધિત હતા અને જેમણે તેમના ઉપર અત્યાચાર કર્યો હતો તે સર્વને મારી નાખવાનું વિચારતા હતા. નેલ્સન મંડેલાએ તેમને કહ્યું કે સમાનતા, સ્વતંત્રતા અને સ્વાભિમાનની રક્ષા માટે આપણી લડત હતી, તો પછી હવે આવી વેરની ભાવના સેવવામાં આપણું શું ગૌરવ છે ? સૌ પ્રથમ જેમણે આપણા ઉપર ત્રાસ ગુજાર્યો હતો તેમના ઘરે જઈએ. તેમની સાથે ચા પીને તેમની પત્નીઓને ખાતરી આપીએ કે તમે

નિશ્ચિંત રહેજો. અમે કોઈપણ પ્રકારનો બદલો લઈશું નહીં. અમારા તરફથી તમારા પતિને, તમને કે તમારા પરિવારને કોઈપણ પ્રકારની હાનિ પહોંચાડવામાં આવશે નહીં.

આવી ગુણવાન વ્યક્તિ દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ બને એ તો અતિ સુંદર ઘટના છે. આટલો ત્રાસ ભોગવ્યા પછી પણ અન્યનો વિશ્વાસ કરવો એ સહેલું નથી. આવી પીડા ભોગવ્યા પછી સામાન્ય વ્યક્તિ ભાંગી પડે. તેને બધા સ્વાર્થના સગાં લાગે. કોઈનામાં પણ માણસાઈ નથી એવું નકારાત્મક વલણ સેવે. ક્રોધિત થઈ વેર લેવાને બદલે નેલ્સન મંડેલા કહી શક્યા કે જોહ્ન ફૉસ્ટર એક સભ્ય વ્યક્તિ છે. નેલ્સન મંડેલા મહાત્મા ગાંધીજીથી પ્રેરિત હતા અને મહાત્મા ગાંધીજી પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રથી પ્રેરિત હતા. યુવાનીના ૨૭ વર્ષ એક ટાપુ ઉપર સતત ત્રાસ ભોગવ્યા પછી પણ, ખાડામાં નાંખીને પોતાના ઉપર પેશાબ કરનાર માટે જે કહી શકે કે એ સભ્ય વ્યક્તિ છે, તો એ કહેનાર વ્યક્તિના અંતરની ઊંચાઈ કેટલી !

અન્યમાં વિશ્વાસ કરનાર એક સબળ નેતા બની શકે છે કે જે અન્યને સમજી શકે, આદર આપી શકે, સમાધાનવૃત્તિ કેળવી શકે. કોઈ પ્રસંગ, વ્યક્તિ કે હકીકતને પકડીને બેસશો તો તમે આગળ નહીં વધી શકો. પ્રગતિ સાધવા માટે માનવતામાં વિશ્વાસ કરવો જ પડશે. અન્યમાં વિશ્વાસનું ફળ છે - તમે જેવા છો તેના કરતાં વિશેષ ઊંચા અને સારા વ્યક્તિ બનશો.

**- પૂજ્યશ્રી ડૉ. રાકેશભાઈ ઝવેરી**

## જિંદગી





**નથી આસાન તોય માણવાની છે આ જિંદગી,**
**અઘરી છે છતાં મજાની છે આ જિંદગી,**
**બધું તો ધાર્યું નથી થતું આપણું,**
**પણ જે થાય છે એમાં જ ખુશી શોધવાની છે જિંદગી.**

# પ્રેમ આપીએ તો પ્રેમ મળે જ !



કોઈ ગૌશાળામાં આદિવાસીઓએ અત્યંત તોફાની સાંઢને મૂકી દીધો. સાંઢ એટલો તોફાની હતો કે ગૌશાળાના કાર્યકરો માટે પણ તે માથાનું શૂળ બની ગયો. તેને વશ કરવાનું કામ અતિ મુશ્કેલ થઈ પડતું.

એક દિવસ ગૌશાળાના દસ વર્ષના આદિવાસી છોકરાએ ગૌશાળાના કાર્યકરોને જણાવ્યું, ''સાંઢને સંભાળવાનું કામ મને સોંપવામાં આવે.'' કાર્યકરોએ તે કામ તેને સોંપ્યું અને તરત જ સાંઢને શાંત કરવા માટે એ બાહોશ આદિવાસી છોકરો આગળ વધ્યો. મારકણા સાંઢ પાસે જવું તે કંઈ ખેલ ન હતો. પણ ચોક્કસ ગણતરી સાથે તે સાંઢ પાસે પહોંચી ગયો અને તેના ગળા ઉપર અને માથા ઉપર એટલા બધા હેતથી હાથ ફેરવ્યો કે સાંઢ તરત જ શાંત પડી જઈને તેના શરીરને પ્રેમથી સૂંઘવા લાગ્યો. દૂર ઊભેલા કાર્યકરો ચકિત થઈ ગયા. તેમણે છોકરાને પૂછ્યું, 'આમ શાથી બન્યું ?' છોકરાએ એક જ વાક્યમાં તેનું વિજ્ઞાન સમજાવી દીધું કે 'પ્રેમ આપીએ તો પ્રેમ મળે જ!'


પ્રેમ એ જીવંત વસ્તુ છે. પ્રેમને જિંદગીનું ચાલકબળ પણ કહી શકાય. પ્રેમની કોઈ ભાષા જ નથી હોતી. ખરેખર પ્રેમ એ પૃથ્વીનું અમૃત છે. પ્રેમ તો એક જ્યોતિ છે. પ્રેમ એ ખળખળ વહેતું ઝરણું છે. પ્રેમને રૂપરંગ સાથે કશી લેવાદેવા નથી હોતી. પ્રેમમાં દરકાર, કાળજી, જતન અને તમા રાખવાની હોય છે. પ્રેમમાં ત્યાગ અને સમર્પણની ભાવના જોઈએ. આપણે ધર્મને પ્રેમ કરીએ છીએ પણ પ્રેમને ધર્મ નથી સમજતા. ભક્તિ પણ પ્રેમથી કરવાની હોય.

પ્રેમમાં ત્યાગ પણ જોઈએ. થોડું 'લેટ ગો' પણ કરવું પડે. ઝેરીલા મટી પ્રેમીલા બને તો જ પ્રેમ પ્રગટે. પ્રેમ વગરનો પ્રેમ બતાડવો એ માણસની રોગિષ્ટતા બતાવે છે. બનાવટી સ્મિતથી પ્રેમ નથી પામી શકાતો. યાદ રાખો

પ્રેમ એ જીવનનું સર્વોત્તમ 'ટોનીક' છે. જાતના પ્રેમમાં પડશો તો જગત આપોઆપ ગમવા લાગશે ને પછી જગદીશનું સરનામું પણ મળી જશે. પછી મન મૂકીને અને ઝુકીઝુકીને નાચીએ, આ ગીત જ હોઠો ઉપર ગાજતું મૂકવાનું બાકી રહેશે - 'પાયોજી મૈંને પ્રેમ રતન ધન પાયો.'

**- પૂજ્ય ભાઈશ્રી નલીનભાઈ કોઠારી**

## મન



મશીનનો એક પણ સ્ક્રૂ ઢીલો હોય તો મશીન બરાબર કામ નથી આપતું. આજે માનવી મશીન જેવો બની ગયો છે ને ? તેનો મનરૂપી સ્ક્રૂ ઢીલો તો નથી પડી ગયો ને ? મન નબળું હોવાથી સત્યનો નિર્ણય થઈ શકતો નથી. આવો માનવી વિવેક ખોઈ બેસે છે. આથી અસારને તે સાર માની લે છે અને સારને અસાર ! ભોગમાં સુખ અને ત્યાગમાં તે દુઃખ માને છે. આનું પરિણામ આજે એ આવ્યું છે કે આજનો માનવી અનેક સગવડો અને સાધનો વચ્ચે પણ દુઃખી છે, સંતપ્ત છે, અજંપાથી ઘેરાયેલો છે.

આજે જરૂર છે મનને સુદઢ કરવાની. જરૂર છે વૃત્તિઓને સ્થિર કરવાની. જરૂર છે વાસનાઓ અને કામનાઓને નિયંત્રણમાં રાખવાની અને સૌથી વધુ જરૂર છે આત્માથી વિખૂટા પડી ગયેલા મનને ફરીથી આત્મામાં પરોવવાની, ઢીલા પડી ગયેલા મનના સ્ક્રૂને દઢ કરી એને આત્મા સાથે જોડી દેવાની.

**- પૂ. આચાર્યશ્રી પદ્મસાગરસૂરીશ્વરજી**



**આધ્યાત્મિક ક્ષેત્રે ત્રણ બાધક તત્ત્વોનો ત્યાગ જરૂરી છે - તૃષ્ણા, ઈર્ષા અને નિંદા.**

# ક્ષમા

ઈ.સ. ૨૦૦૨માં મધ્યપ્રદેશના ઈન્દોરની સેન્ટ્રલ જેલના કેદી સમંદરસિંહને કેરાબાના સાધ્વી સિસ્ટર સેલ્મીએ રાખડી બાંધી. સમંદરસિંહે ૧૯૯૫માં સિસ્ટર સેલ્મીની બહેન રાની મારિયાનું ખૂન કર્યું હતું. પોતાની બહેનના હત્યારાને રાખડી બાંધી, માફી આપીને સિસ્ટર સેલ્મીએ પુરવાર કર્યું કે ક્ષમાનું ખરું સૌંદર્ય, સૌહાર્દ અને સાર્થકતા બદલો લેવામાં નહીં પણ વ્યક્તિને બદલવામાં રહેલું છે.


ક્ષમા અન્યને અપાતી ભેટ નથી પણ ક્ષમા આપનાર સ્વયંને મળતી અમૂલ્ય ભેટ છે. બદલો લીધાનો આનંદ એક દિવસનો હોઈ શકે પણ માફ કર્યાનું ગૌરવ જિંદગીભરનું હોય છે. ક્ષમા ભૂતકાળને ભલે બદલતી નથી પણ બંને પક્ષના ભવિષ્યને ઉજ્જવળ તો ચોક્કસ બનાવી જ દે છે. ક્ષમા આપીને તેને જીવનમાં ક્યારેય યાદ ન કરવી તેમાં જ ક્ષમા આપ્યાનું ખરું ગૌરવ છે.

ગુનેગાર કરતાં માફ નહીં કરવાની ભાવના અને ગુસ્સો રાખનાર વ્યક્તિના મનને જ વધુ ઈજા પહોંચતી હોય છે. બદલો લેનાર વ્યક્તિ જીવનભર એક અપરાધભાવ અને નકારાત્મક લાગણી સાથે જીવતી હોય છે કે મેં કેમ આવું કર્યું?

**સંકલન : પૂજ્ય બહેનશ્રી ડૉ. શર્મિષ્ઠાબેન સોનેજી**

## જીવનમંત્ર

ધીરે બોલો - શાંતિ મળશે.
અહમ્ છોડો - મોટા બનશો.
ભક્તિ કરો - મુક્તિ મળશે.
સદ્વિચાર કરો - જ્ઞાન મળશે.
સેવા કરો - શક્તિ મળશે.
સહન કરો - દેવત્વ મળશે.
સંતોષી બનો - સુખ મળશે.





# 'દેશ કે લિયે જીના સીખેં'



એક વખત રાષ્ટ્રીય સેવક સંઘ (R.S.S.) ના સંસ્થાપક ડૉ. કેશવરાવ બલિરામ હેડગેવાર મહાન સ્વતંત્રતા સેનાની શ્રી સુભાષચંદ્ર બોઝ સાથે રાષ્ટ્રીય વિષય સંબંધી ચર્ચા કરવા તેમના નિવાસસ્થાને ગયા. તે સમયે સુભાષબાબુ શરીરની અસ્વસ્થતાના કારણે આરામ કરી રહ્યા હતા. ડૉ. હેડગેવારને સુભાષબાબુને જગાડવાનું ઉચિત લાગ્યું નહીં. તેઓ પાછા ફરતા હતા ત્યાં દીવાલ પર લખેલા એક વાક્ય પર તેમની નજર પડી - 'દેશ કે લિયે મરના સીખેં.' ડૉ. હેડગેવારજીએ તે વાક્યની નીચે એક બીજું વાક્ય લખ્યું - 'દેશ કે લિયે જીના સીખેં.' સુભાષબાબુ જાગ્યા ત્યારે તેમની નજર પેલા બોધવચન પર પડી. તે વાંચીને તેઓ ખૂબ પ્રભાવિત થયા. પોતાના સેવક દ્વારા સંઘના સંસ્થાપક ડૉ. હેડગેવાર આવ્યાની અને બોધવચન લખ્યાની વાત જાણી ત્યારે સુભાષબાબુના મુખમાંથી અનાયાસ શબ્દો સરી પડ્યા, "આ કોઈ મહાપુરુષ છે. તેઓએ આજે મને સાચી રાષ્ટ્રભક્તિનો મર્મ સમજાવ્યો છે."

તાત્પર્ય એ કે દેશ, સમાજ કે ધર્મ અર્થે કોઈ પ્રસંગવિશેષે પ્રાણ અર્પવા (બલિદાન આપવું) તે શ્રેષ્ઠ બાબત છે, પરંતુ તેનાથી પણ વધુ શ્રેષ્ઠ અને કઠિન તો દેશ, સમાજ કે ધર્મ માટે પૂર્ણ સમર્પિત થઈને હરક્ષણે તે અર્થે જીવવું તે છે. કોઈને માટે ક્ષણવિશેષમાં મરવા કરતાં અધિક શ્રેષ્ઠ તેના માટે હરક્ષણ જીવતાં રહેવું તે છે. કોઈને અર્થે જીવવા માટે આપણું સમગ્ર વ્યક્તિત્વ તેને અનુરૂપ ઢાળવું પડે છે. તે માટે આપણી વ્યક્તિગત અભિલાષાઓ, રુચિ, મોજશોખ વગેરેને તિલાંજલિ આપવી પડે છે. જેમ એક ભક્તની દરેક ચેષ્ટા પોતાના પ્રભુને રીઝાવવા અર્થે હોય છે, તે પ્રમાણે સાચા દેશભક્તની દરેક ચેષ્ટા પોતાના દેશહિતને ધ્યાનમાં રાખીને હોય છે. પોતાના દેશનું ગૌરવ, સન્માન, અસ્મિતા, સંસ્કૃતિ અને સભ્યતાને સુરક્ષિત તેમજ સંવર્ધિત કરવાવાળી તેઓની ચેષ્ટા હોય છે. દેશભક્તના ખાનપાન, રહેણીકરણી, લેણદેણ, નોકરી-ધંધા વગેરેમાં દેશહિતને પ્રથમ સ્થાન હશે. પોતાના દેશના ગૌરવ, સભ્યતા અને સંસ્કૃતિ વિરુદ્ધ વ્યવહારને

તે કદાપિ સ્વીકારશે નહીં. તે સદા પોતાના દેશમાં બનેલી સ્વદેશી વસ્તુઓને જ અપનાવશે. કદાચિત્ તેની ગુણવત્તા વિદેશી વસ્તુઓથી થોડી ઓછી હશે તો પણ તે સ્વદેશી વસ્તુઓ જ વાપરશે. તેના વિચારો, માન્યતાઓ અને આસ્થા પોતાના દેશની સનાતન પરંપરા અને સંસ્કૃતિને અનુરૂપ જ હશે. પોતાની આજીવિકા, ખાનપાન અને વેશભૂષા પોતાના દેશની સનાતન સભ્યતા અને સંસ્કૃતિનું સંવર્ધન કરનારા જ હશે.

કહેવાનો આશય કે આવો દેશભક્ત નાના-મોટા કાર્યો કરતાં પ્રથમ વિચાર કરશે કે આ કાર્યથી મારા દેશ અને દેશવાસીઓનું હિત થશે કે અહિત ? જો પોતાની રુચિ અને સ્વાર્થને સાધવા જતાં દેશહિતમાં કોઈ વિરોધ આવતો હશે તો તે તુરંત પોતાની રુચિ અને સ્વાર્થ છોડીને દેશહિતને પ્રાથમિકતા આપે છે. તે પોતાના સંપૂર્ણ વ્યક્તિત્વને રાષ્ટ્રીયતામાં વિલીન કરી દે છે. દરેક ક્ષણ તેના મનમાં રાષ્ટ્રહિતના વિચારો ચાલે છે અને તેના ફળસ્વરૂપ સમસ્ત બાહ્ય ચેષ્ટાઓ પણ રાષ્ટ્રહિતને પોષણ કરવાવાળી જ હોય છે. આનું નામ 'દેશ કે લિયે જીના' છે. દેશ, સમાજ અને ધર્મ માટે પ્રાણની આહુતિ આપવી તે તો શ્રેષ્ઠ છે જ પરંતુ પોતાના દેશ, સમાજ અને ધર્મના હિતાર્થે જાગૃત જીવન જીવવું તે પણ કઠિન અને શ્રેષ્ઠ બાબત છે. જેઓ હરક્ષણ પોતાના દેશ માટે જીવે છે, તેઓ સમય આવતાં દેશ માટે શહીદ પણ થઈ શકે છે.

**"કંટક પથ અપનાના સીખેં, કંટક પંથ અપનાના સીખેં,**
**જિયે દેશકે લિયે દેશહિત, તિલ-તિલકર મર જાના સીખેં."**

જય ભારત.

**- બા.બ્ર. સુરેશજી**

## સફળતાનું રહસ્ય

**અડગ રહા જો અપને પથ પર લાખ મુસીબત આને પર,**
**મિલે સફલતા ઉન્હેં જગમેં, જીને ઔર મર જાને પર;**
**જોશ તેરા કમ ન હો પાએ, કદમ કદમ ઉઠાકે ચલ,**
**મંજિલ તેરા પાંવ ચૂમેગી, આજ નહિ તો નિશ્ચે કલ.**

# 'કર ભલા – હોગા ભલા'



જે વ્યક્તિ સ્વ-પર કેન્દ્રિત થાય છે તે માંગલ્ય ભાવને પામી શકે છે. પરકલ્યાણની ભાવનામાં સ્વકલ્યાણ છુપાયેલું હોય છે. પરભલાઈમાં સ્વભલાઈ નિહિત હોય છે. જે સ્વભલાઈ ઇચ્છે છે તેને સહજ પરભલાઈ આવી જાય છે. સ્વકલ્યાણની પ્રવૃત્તિ સાથે પરકલ્યાણ થઈ જાય છે.

એક સમયે રાજાધિરાજ અને પ્રધાન નગરમાં ફરવા નીકળે છે. તેઓની નજર એક ભિખારી ઉપર ગઈ. પ્રધાને તે ભિખારી ખરેખર દરિદ્ર છે એ સમજી પોતાના હાથમાં સોનામહોરોથી ભરેલી નાની થેલી હતી તે ભિખારીને આપી. ભિખારી રાજી થતો થતો જાય છે. રસ્તામાં ચોર મળ્યો. ચોરે તે થેલી ચોરી લીધી. બીજે દિવસે રાજાધિરાજ અને પ્રધાન ફરવા નીકળ્યા. તે ભિખારી એમ જ ભીખ માગતો હતો. પ્રધાન કહે, ''કેમ આજે ભીખ માગે છે ?'' ભિખારી કહે, ''સામે ચોર મળ્યો. તે લઈ ગયો.'' પ્રધાન ભિખારીને અમૂલ્ય રત્ન આપે છે. ભિખારી ઘરે જઈને જીર્ણ થયેલા કુંભમાં મૂકે છે. તેની પત્ની પાણી ભરવા તે કુંભ લઈ જાય છે. પત્નીને અમૂલ્ય રત્નની ખબર નથી. પાણી ભરતાં ભરતાં રત્ન પાણીમાં વહ્યું જાય છે.

રાજાધિરાજ અને પ્રધાન ફરવા નીકળે છે અને તે જ ભિખારીને ભીખ માગતો જુએ છે. પ્રધાન તેને પૂછે છે, ''અમૂલ્ય રત્ન આપ્યું તો પણ કેમ ભીખ માગે છે ?'' તેણે બનેલી ઘટના કહી સંભળાવી.

ત્યારે રાજાધિરાજે તેને બે મુદ્રા આપી. પ્રધાન કહે, ''બે મુદ્રાથી તેનું શું થશે ?'' ભિખારી વિચાર કરતો જાય છે. આ બે મુદ્રાથી કંઈ વળશે નહીં. એમ વિચાર કરતાં નદીમાં માછીમારે માછલી પકડી હતી તે બાજુ નજર ગઈ. ભિખારીએ ત્યાં જઈને કહ્યું, ''લે આ બે મુદ્રા, માછલીને જાળમાંથી છોડી દે.'' ત્યારે માછલીના ઉચ્છ્વાસમાંથી પેલું અમૂલ્ય રત્ન

બહાર આવી ગયું. ભિખારી કહે, ''મળી ગયું ! મળી ગયું !''

તે જ સમયે ચોર સોનામહોર ભરેલી થેલી લઈને જતો હતો. તેણે એ ભિખારીને જોયો. ચોરને લાગ્યું કે તેણે મને ઓળખી લીધો છે. તે ચોર ભિખારી પાસે જઈને કહે, ''લે, આ તારી સોનામહોરવાળી થેલી.'' ચોરને થયું કે રાજાધિરાજ પાસે પકડાવી દેશે. તેમાંથી છૂટવા થેલી ભિખારીને આપી દીધી. ભિખારીને બંને મળી ગયા.

જેના ભીતરમાં પરભલાઈ, પરકલ્યાણની ભાવના હોય છે તેમાં સ્વકલ્યાણ નિહિત હોય છે. માટે કહ્યું છે,

'કર ભલા - હોગા ભલા'

**- પ્રા. ચંદાબહેન વી. પંચાલી**



## માતા-પિતા

થાક ઘણો હતો ચહેરા પર,
પણ અમારી ખુશી માટે અનહદ પરિશ્રમ કરતા જોયા છે.
આંખમાં ઊંઘ હતી ઘણી છતાં પણ ચિંતામાં જાગતા જોયા છે.
તકલીફો ચારે બાજુથી હતી પણ,
હિંમત હાર્યા વગર એકલા લડતા જોયા છે.
કોઈને તકલીફ વર્ણવતા નહોતા,
પણ અડધી રાતે ખુલ્લી આંખે અમારા
ભવિષ્યના સપના સજાવતા જોયા છે.
પાઈ પાઈ ભેગી કરી અમારી ખુશી ખરીદતા જોયા છે,
અને એ ખુશી માટે પોતાના શમણાંઓને રોળતા જોયા છે.
પોતાની પસંદગીને નાપસંદ કરી,
અમારી પસંદગીને અપનાવતા જોયા છે,
માતા-પિતા સ્વરૂપે અમે પરમાત્માને જોયા છે !



# સંતોષી નર સદા સુખી

એક તપસ્વી સંત હતા. એમની પ્રસિદ્ધિ દેશ-દેશાંતરમાં ફેલાવા લાગી હતી. મહારાજ કૃષ્ણદેવરાય સુધી જ્યારે એમના સંબંધમાં વાતો પહોંચી ત્યારે મહારાજ વિચારવા લાગ્યા કે કોઈ વ્યક્તિ ગૃહસ્થ જીવનમાં આટલો નિર્લોભી કેવી રીતે હોઈ શકે? એમણે મનમાં નક્કી કર્યું કે મારે આ સંતની પરીક્ષા લેવી છે. મંત્રીને બોલાવીને કહ્યું કે સંત પાસે જાઓ અને એમને નિવેદન કરો કે દરરોજ ભિક્ષા લેવા રાજભવનમાં આવે. હવે દરરોજ રાજભવનથી ભિક્ષા લેવાનો ક્રમ ચાલુ થયો. ભિક્ષામાં જે અનાજ આપવામાં આવતું એમાં એ મંત્રી દરરોજ રત્નો ભેગા કરી દેતો. સંત તો આવતાં અને ભિક્ષા લઈને જતા રહેતાં. રાજા એ સંતની પ્રસન્નતા જોઈને શંકિત થયો. મંત્રીને બોલાવીને કહ્યું કે ચાલો, આપણે વેશ બદલીને સંતના નિવાસસ્થાને જઈને જોઈએ કે એમનો જીવનનિર્વાહ કેવી રીતે ચાલે છે !

એ બન્ને ત્યાં પહોંચ્યા તો વિચિત્ર દૃશ્ય જોયું. સંત અને એમની ધર્મપત્ની વચ્ચે વાતચીત ચાલતી હતી. પત્નીએ કહ્યું કે હે સ્વામી ! તમે આ ભિક્ષા દરરોજ ક્યાંથી લાવો છો ? આમાં તો કેટલાક પથરા આવે છે, હું રોજ આ પથરા વીણીવીણીને કચરામાં નાખી દઉં છું. સંતે કહ્યું કે રાજભવનથી ભિક્ષા મળે છે માટે કોઈ ફરિયાદ કર્યા વગર, આપણી રીતે પથરા કે કચરો બહાર ફેંકી દેવો.

રાજા અને મંત્રીએ આ સાંભળ્યું અને એમની કુટિર પાછળ જઈને જોયું તો ત્યાં કચરામાં ઘણા બધા બહુમૂલ્ય રત્નો દેખાયા. એ જોઈને બન્ને જણાં આશ્ચર્યચકિત થઈ ગયા અને રાજાના મુખથી સહજ વાણી નીકળી કે ''ભક્તિ અને સાધનાપથ પર ચાલવાવાળા સાધક, માત્ર જીવનનિર્વાહને યોગ્ય આજીવિકા (ધનોપાર્જન) થી જ સંતુષ્ટ રહે છે. બાહ્ય સંપદા એમને માટે પથરા સમાન જ હોય છે.''

**''પત્થર તુલ્ય ગણું પરવૈભવ''**

**- શ્રીમદ્ રાજચંદ્રજી**


મહારાજ કુટિરની અંદર ગયા અને બન્નેનું અભિવાદન કર્યું અને પોતે પણ સંતોષી જીવન જીવવાની પ્રેરણા લીધી. સાચું જ કહ્યું છે કે -

**"ગોધન ગજધન રતનધન, કંચન ખાન સુખાન;**
**જબ આવે સંતોષધન, સબ ધન ધૂળ સમાન."**

**- બા.બ્ર. કપિલભાઈ**



## શ્રીમદ્ રાજચંદ્રજી વિશે મહાત્મા ગાંધીજી શું કહે છે ?



"ઘણીવાર કહીને લખી ગયો છું કે મેં ઘણાના જીવનમાંથી ઘણું લીધું છે, પણ સૌથી વધારે કોઈના જીવનમાંથી ગ્રહણ કર્યું હોય તો તે કવિશ્રી (શ્રીમદ્ રાજચંદ્ર) ના જીવનમાંથી છે. દયાધર્મ પણ હું તેમના જીવનમાંથી શીખ્યો છું. ખૂન કરનાર ઉપર પણ પ્રેમ કરવો એ દયા ધર્મ મને કવિશ્રીએ શીખવ્યો છે. જે મનુષ્ય લાખોના સોદાની વાત કરી લઈને તુરત આત્મજ્ઞાનની ગૂઢ વાતો લખવા બેસી જાય તેની જાત વેપારીની નહીં પણ શુદ્ધ જ્ઞાનીની છે. તેમનો આવી જાતનો અનુભવ મને એક વેળા નહીં પણ અનેક વેળા થયેલો. દરેક ધર્મના આચાર્યોને મળવાનો પ્રયત્ન મેં કર્યો છે, પણ જે છાપ મારા ઉપર રાયચંદભાઈએ પાડી તે બીજા કોઈ નથી પાડી શક્યા. તેમના ઘણા વચનો મને સોંસરા ઊતરી જતાં. તેમની બુદ્ધિને વિષે મને માન હતું. તેમની પ્રામાણિકતા વિષે તેટલું જ હતું. મારા જીવન પર શ્રીમદ્‌નો એવો સ્થાયી પ્રભાવ પડ્યો છે કે હું એનું વર્ણન કરી શકતો નથી."

**હંમેશાં પાણી જેવા બનો, પથ્થર જેવા નહીં.**
**પાણી પોતાનો માર્ગ જાતે બનાવે છે અને**
**પથ્થર બીજાના માર્ગમાં અડચણ પેદા કરે છે.**

# સંત હૃદયમેં નિત્ય દિવાલી

આત્મજ્યોત સે જગમગ કરતી, સંત હૃદયમેં નિત્ય દિવાલી.
બિના તેલ ઔર બાતી કે ભી, ગુણરત્નોં કી જ્યોતિ આલી.
ક્રોધકાલિમા હરનેવાલી, 'ક્ષમા' રત્ન કી નિત્ય દિવાલી.
અહંકાર કા અંધકાર તજ, 'વિનય' ભાવ અનુરક્ત દિવાલી.
મન-વચ-કર્મ કી સરલ વર્તના, રૂપ 'ઋજુતા' રત્ન દિવાલી.
'સત્ય વચન' કે યશ સે ઉજલી, ચહુદિશ ચમકે રોજ દિવાલી.
તૃષ્ણાઓ કી તિલાંજલિ કર, 'સંતોષ' ધર્મ સે પુનીત દિવાલી.
'સંયમ' ગુણ સે ભૂષિત કરતી, જીવન જગમગ જ્યોત દિવાલી.
'તપ' સે તપિત ચૈતન્યકુંડ મેં, ઈચ્છાઓં કી આહુતિ દિવાલી.
વિશ્વમૈત્રી કા મંત્ર હૃદય ધર, સ્વાર્થભાવ કા 'ત્યાગ' દિવાલી.
પર પ્રપંચ સે ભિન્ન સ્વયં હી, મૈં 'અકિંચન' બોધ દિવાલી.
બ્રહ્મ સ્વરૂપ મેં રમે નિરંતર, 'બ્રહ્મચર્ય' સે સજી દિવાલી.
ગુણરત્નો સે ઝિલમિલ નિશદિન, સંત હૃદયમેં દેખો દિવાલી.
એક બરસ મેં એકબાર નહીં, હમ ભી મનાયે રોજ દિવાલી.

**- બા.બ્ર. અલકાબેન**

## સંત



પુસ્તકોની પાછળ પડે તે વિદ્વાન અને પ્રભુના પ્રેમમાં પરમાત્માની પાછળ પડે તે સંત, વિદ્વાન શાસ્ત્ર પાછળ દોડે છે, જ્યારે શાસ્ત્ર સંતની પાછળ દોડે છે. શાસ્ત્રો વાંચીને જે બોલે છે તે વિદ્વાન, જ્યારે પ્રભુને રિઝાવીને - તેના પ્રેમમાં પાગલ થઈને જે બોલે તે સંત. સંત પોતાની અંદરની પ્રેમની-ભક્તિની પોથી વાંચી, પ્રભુપ્રેરણાથી બોલે છે.

**- પૂ. ડોંગરેજી મહારાજ**

# ભામાશાનું દાન અને લક્ષ્મીનો ત્યાગ



મુઘલ સલ્તનત સામે હલદીઘાટીના યુદ્ધમાં પરાજય પામેલા રાણા પ્રતાપે શરણાગતિ સ્વીકારવાને બદલે સ્વતંત્રતા કાજે ઝઝૂમવાનો નિર્ધાર કર્યો. અરવલ્લીના પહાડોમાં ઠેરઠેર ભટકતા રાણા પ્રતાપનો મુઘલ સેના પીછો કરતી હતી. એમાં પણ પોતાની નાની બાળકીને દૂધ માટે ટળવળતી જોઈને રાણા પ્રતાપનું હૈયું ભાંગી ગયું અને નિરાશ-હતાશ થઈને બીજા પ્રદેશમાં ચાલ્યા જવાનો વિચાર કર્યો. આ સમયે દેશભક્ત અને સ્વામીભક્ત મંત્રી ભામાશા ખામોશ બેસી રહ્યા નહીં. તેઓ દેશોદ્ધારના જુદાજુદા ઉપાયો વિચારતા હતા, ત્યાં જ એમને જાણ થઈ કે રાણા પ્રતાપ નિરાશ હૈયે મેવાડનો ત્યાગ કરી રહ્યા છે, ત્યારે ભામાશાએ રસ્તા વચ્ચે ઊભા રહીને રાણાને અટકાવ્યા. એમણે વીર પ્રતાપને દેશને ખાતર ફરી જંગ આદરવા કહ્યું. રાણા પ્રતાપે કહ્યું, ‘‘મારી પાસે નથી સૈનિક કે નથી સંપત્તિ. કઈ રીતે મુઘલ શહેનશાહ અકબરનો હું સામનો કરી શકું ?’’

વીર ભામાશાએ રાણા પ્રતાપને હિંમત આપતાં કહ્યું, ‘‘હું આપને વિપુલ ધનભંડાર આપીશ. એના દ્વારા તમે શહેનશાહ અકબર સામે લાંબા વખત સુધી યુદ્ધ ખેલી શકશો.’’

વીર ભામાશાએ ઘરે જઈને પોતાની પત્ની લક્ષ્મીને સ્વતંત્રતા માટેના યુદ્ધની વાત કરી. દેશને માટે સર્વસ્વ સમર્પણ કરવાની પોતાની ભાવના પ્રગટ કરી. લક્ષ્મીને પણ પરાધીનતાની આ અવસ્થા કોરી ખાતી હતી. ભામાશાએ રાણા પ્રતાપને શસ્ત્રો અને સૈનિકો માટે સંપત્તિ આપવાનો વિચાર કર્યો, ત્યારે લક્ષ્મીએ ભામાશાના હાથમાં ચાવીઓ મૂકતાં કહ્યું, ‘‘ભોંયરામાં જેટલું ધન છે તે બધું જ રાણાને પહોંચાડી દેજો. વળી ધન સમર્પતી વખતે મનમાં સહાય કર્યાનો ખ્યાલ કે પાછું લેવાની ઇચ્છા કદી રાખશો નહીં.’’

ભામાશાએ કહ્યું, ‘‘આવું કેમ કહે છે ?’’


લક્ષ્મીએ કહ્યું, ‘‘જુઓ ! આ તો એમનું ધન એમને સમર્પિત કરીએ છીએ. મેવાડની ધરતી અને એના રાણાઓના રાજમાં રહીને જ આપણા પૂર્વજોએ આ વિપુલ ધનસંપત્તિ મેળવી છે. આ ભૂમિમાંથી મળેલી

સંપત્તિ દ્વારા આપણું લાલનપાલન થયું. એ માતૃભૂમિના ઉદ્ધાર કાજે ધનનો ઉપયોગ કરવો એ તો આપણી સૌથી મોટી ફરજ અને પરમ ધર્મ છે.''

લક્ષ્મીના આ શબ્દો સાંભળીને ભામાશાના ઉત્સાહમાં નવા પ્રાણ પુરાયા. મનોમન વિચારવા લાગ્યા કે ધન્ય છે આ નારીને, કે જેનામાં દેશને માટે સર્વસ્વ ન્યોછાવર કરવાની ઉદાત્ત ભાવના છે. પોતાને માટે, ઘડપણને કાજે કે ભવિષ્યને કારણે થોડું પણ ધન કે સોનું રાખવાની એના મનમાં લેશમાત્ર ઈચ્છા નથી. એથીયે વિશેષ તો કશુંય પાછું મેળવવાની કોઈ અભિલાષા નથી. વીર ભામાશા એમની અઢળક સંપત્તિ લઈને રાણા પ્રતાપ પાસે ગયા. બાર વર્ષ સુધી પચીસ હજાર સૈનિકોનો નિર્વાહ થઈ શકે તેટલી વિપુલ સંપત્તિ હતી. રાણા પ્રતાપે ફરી સ્વાધીનતાનો બુલંદ પોકાર જગાવ્યો. ભામાશાના દાનની સાથે લક્ષ્મીના ત્યાગની સર્વત્ર પ્રશંસા થઈ રહી.

**- પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**

## રૂપ અને ગુણ



સમ્રાટ વિક્રમાદિત્યે પોતાના દરબારમાંના નવ રત્નો પૈકીના એક કવિ કાલિદાસને એક વાર કહ્યું, ''આપના કાવ્યો જેટલાં સુંદર છે એટલો જ આપનો ચહેરો પણ સુંદર હોત તો?''

પ્રશ્નનો જવાબ આપવાને બદલે કવિએ પાણી ભરેલાં બે પાત્રો મંગાવ્યા : એક સોનાનું અને એક માટીનું. પછી સમ્રાટને કહ્યું, ''મહારાજ, પહેલાં જળપાન કરો, પછી હું આપના પ્રશ્નનો ઉત્તર આપું.'' ''હવે કહો, મહારાજ, બંને પાત્રોમાંથી આપને કયા પાત્રનું જળ વધારે શીતળ અને તૃપ્તિકર લાગ્યું ?'' ''માટીના પાત્રનું જ વળી, કેમ ?'' સમ્રાટ સાશ્ચર્ય બોલી ઊઠ્યો.

કાલિદાસે કહ્યું, ''સોનાના પાત્રમાં પણ જલ તો શીતળ જ ભર્યું હતુ, પરંતુ તેની સુંદરતાએ એને શીતલ રહેવા ન દીધું, જ્યારે માટીના પાત્રમાં રહી તે વધુ શીતળ અને મધુર બન્યું. આવું જ વિદ્વત્તાનું છે, તેને બાહ્ય રૂપ-કુરૂપ સાથે કશો સંબંધ નથી.''



# બધિરપણું કેટલું બધું ઉપકારક !

હાતિમ નામના એક સંત હતા. લોકો તેમને બહેરા હાતિમ તરીકે જ ઓળખતા હતા. એનું કારણ એવું હતું કે લોકો તેમજ નિકટના તેમના અનુયાયીઓ એવું માનતા કે તેઓ સામાન્ય વાતચીત સાંભળી શકતા નથી. તેઓ એટલા બધા બહેરા છે કે એમને કંઈ કહેવું હોય તો એમના કાન પાસે જઈને જોરથી બોલવામાં આવે ત્યારે એ માંડ સાંભળી શકે છે.

આવી માન્યતાને કારણે બનતું એવું કે સંત હાતિમ પાસે આવતી કે તેમની આસપાસ રહેતી વ્યક્તિ એમના મનમાં જે કંઈ આવે તે નિશ્ચિત થઈને બોલતી, કારણ કે સહુ એમ માનતા કે બિચારા હાતિમ તો કંઈ સાંભળશે નહીં તો ચિંતા શેની ?

બન્યું એવું કે એક દિવસ સંત પોતાના શિષ્યવૃંદ સાથે બેઠા હતા. ત્યાં એક માખી જાળમાં ફસાઈ ગઈ અને એમાંથી બહાર નીકળવા ગણગણાટ કરવા લાગી. આ જોઈને સંત હાતિમ બોલી ઊઠ્યા,

''અરે ! આમ શા માટે ભમે છે ? બધી જગ્યાએ ખાંડ કે મધ નથી હોતાં. ક્યાંક જાળ પણ હોય છે.''

એમની નજીક બેઠેલા શિષ્યને આશ્ચર્ય થયું. એમણે સંત હાતિમને પૂછ્યું, ''અરે ! અમે અહીં જ બેઠા છીએ. અમે આ માખીનો ગણગણાટ ન સાંભળી શક્યા તો આપે બહેરા કાને કઈ રીતે સાંભળ્યું?''

''આનો અર્થ એ કે તમે બધિર નથી. લોકો તો તમને બધિર સમજે છે.'' શિષ્યે કહ્યું.

સંત હાતિમ હસવા લાગ્યા અને કહ્યું, ''વ્યર્થ વાતો, ખોટા આક્ષેપો અને મલિન ટીકાનિંદા સાંભળવા કરતા બધિર થવું વધુ સારું. જો હું બધી વાતનો જવાબ આપતો હોત તો સહુ કોઈ મારા અવગુણ છુપાવીને મારા ગુણગાન જ કરતા હોત. મને મારા અવગુણની ખબર જ ન પડત, તો પછી એને દૂર કેવી રીતે કરી શકત ?''

"શું આપ બહેરા નથી ?"

સંતે કહ્યું, "ના, મેં તો બધિરતાને ઓઢી છે. તેનાથી હું મારા ઘણા અવગુણને દૂર કરી રહ્યો છું, જેથી બધા મને સારી-ખોટી વાતો નિઃસંકોચ કહે છે."

સહુને સમજાયું કે દોષનિવારણમાં બધિરપણું કેટલું બધું ઉપકારક છે !

**- ડૉ. પ્રીતિબેન શાહ**

## *હળવાશની પળોમાં*



❋ **દાક્તર :** તમારી અંતિમ ઇચ્છા શું છે ?

**કોરોના પેશન્ટ :** જેમણે મને જીવનમાં તકલીફો આપી છે તેમને ગળે લગાડીને માફ કરવા છે ! (દાક્તર વિચારમાં પડી ગયા. આ માફ કરવા માંગે છે કે દુનિયામાંથી સાફ કરવા માંગે છે !)

❋ પત્નીએ પતિને કહ્યું કે લોકડાઉનમાં ઘરે રહેવું હોય તો BJP... BJP.... કરવું પડશે...

B – બર્તન, J – ઝાડુ, P – પોંછા (પોતું)

❋ **છગન :** પહેલાના સમયમાં લગ્નમાં સાત ફેરા ફરતા, હવે કેમ ચાર ફેરા ફરે છે ?

**મગન :** પહેલા ઘરમાં સાત અક્ષરવાળા HUSBAND નું ચાલતું, હવે ચાર અક્ષરવાળી WIFE નું ચાલે છે !

❋ **શિક્ષક :** સીનીયર અને જુનિયરમાં શું ફરક છે ?

**વિદ્યાર્થી :** જે સમુદ્રની પાસે રહે છે તે સીનીયર (Sea-Near) અને જે પ્રાણીસંગ્રહાલયની પાસે રહે તે જુનિયર! (Zoo-Near)

**મહાત્મા એ છે કે જેઓ જીવનના ઉતાર-ચઢાવ વચ્ચે સ્મિત આપી શકે છે.**



# વાવે તેવું લણે

ત્રણ ગોઠિયા મિત્રો - કનુ, મનુ, ધનુ એક નાના ગામમાં રહે. ત્રણેના ઘરની સ્થિતિ ઘણી સાધારણ, પણ તેમની આશાઓ ઊંચી હતી.

કનુને થતું કે એક પાણીદાર ઘોડી હોય તો કેવું સારું ! તેના પર તે ગામમાં-વગડામાં ઘોડેસવારી કર્યા કરે. પોતાનો વટ પડે. પરંતુ તેના ઘરની સ્થિતિ તો એક દુધાળી બકરી ખરીદવા જેવી પણ ન હતી.

મનુને થતું કે એક સારી મોટરકાર હોય તો કેવું સારું ! તેમાં તે ગામ-પરગામ ફર્યા કરે. પોતાનો વટ પડે. પણ તેના ઘરની સ્થિતિ તો એક જૂની સાયકલ ખરીદવા જેવી પણ ન હતી.

ધનુને થતું કે પૈસાની રેલમછેલ હોય તો કેવું સારું ! 'નાણાં વગરનો નાથિયો, નાણે નાથાલાલ.' પૈસા હોય તો લોકો તેને ધનવંતરાય કહે અને પોતાને શેર લોહી ચડી જાય ! પણ તેના ઘરની સ્થિતિ ત્રણ સાંધતા તેર તૂટે જેવી હતી અને મહિનાના અંતે માંડ ભેગું થતું.

ગામમાં એક શાસ્ત્રી-જ્યોતિષી આવ્યાના ખબર મળતા ત્રણે પોતાનો જમણો હાથ સાબુથી બરાબર ધોઈને તેમને મળવા ગયા. વંદન કરીને દરેકે પોતપોતાનો જમણો હાથ દેખાડીને પૂછ્યું, "મહારાજ ! અમારી ઘોડી-કાર-પૈસાની આશાઓ ફળશે કે નહીં ?" વિદ્વાન અનુભવી જ્યોતિષીએ ત્રણેના જમણા હાથની રેખાઓનો અભ્યાસ કરીને ના પાડી અને કહ્યું કે જમણી હથેળીમાં આમ રેખાઓ હોય તો ઘોડી-કાર-પૈસા મળે. તરત કનુએ, મનુ અને ધનુ સામે આંખ મિચકારીને, ખિસ્સામાંથી નાનું ચપ્પુ કાઢીને હથેળીમાં કાપો મૂકીને રેખા બનાવી. મનુ અને ધનુએ પણ પોતાની હથેળીમાં રેખા પાડી. પછી શાસ્ત્રીજીને પૂછ્યું કે હવે તો બધું મળશે ને ? શાસ્ત્રીજીએ કહ્યું કે જુઓ શું થાય છે ! ત્રણેય રાજી થતાં પોતાના ઘરે ગયા કે હવે આ હસ્તરેખાઓથી બધું મળશે કારણ કે જ્યોતિષી સિદ્ધહસ્ત તરીકે જાણીતા હતા.

થોડા સમય પછી વરસાદમાં કનુ લપસી પડતા પગ ભાંગ્યો અને 'ઘોડી' થી ચાલવાનો વારો આવ્યો. ભણવામાં સાધારણ હોઈને મનુને ટ્રાફિક સર્કલ પોલીસની નોકરી મળી. તેની ચારે બાજુએ આખો દિવસ સેંકડો મોટરગાડીઓ ફરતી, પણ એકેય પોતાની નહીં. તે જ રીતે, સામાન્ય અભ્યાસ પછી ધનુને બેંકમાં પટાવાળાની નોકરી મળી. તેની આજુબાજુ આખો દિવસ લાખો રૂપિયાની રેલમછેલ રહેતી, પણ પોતાનો એકેય રૂપિયો નહીં. આમ, ત્રણેને હથેળીમાં બનાવટી રેખાઓથી ઘોડી-કાર-પૈસા પણ બનાવટી (અભોગ્ય) જ મળ્યા !

આ બોધકથામાંથી નીચે પ્રમાણે વિચારી શકાય :

(૧) પોતાની પરિસ્થિતિ અને શક્તિ કરતાં બહુ ઊંચી આશાઓ સેવવી નહીં.
(૨) જ્યોતિષ કરતાં પોતાના પુરુષાર્થ પર જોર આપવું.
(૩) પ્રારબ્ધ સાથે ચેડાં કરવા નહીં.
(૪) કૃત્રિમ કાર્યોથી કૃત્રિમ ફળ મળે છે.
(૫) ફળ-પરિણામનો શાંતભાવે સ્વીકાર કરવો.
(૬) જે મળે તેમાં સંતોષ રાખવો.
(૭) જે થાય તે યોગ્ય જ માનવું.

**- મહેન્દ્રભાઈ કે. ખંધાર**



## છિદ્રોવાળા ઘડાને ભરી શકાય ?

એકવાર ગુરુનાનકને કોઈએ પૂછ્યું કે પાંચ છિદ્રોવાળા ઘડાને પાણીથી કેવી રીતે ભરી શકાય? ગુરુનાનકે સ્મિત સહ કહ્યું કે પાણીમાં જ ડૂબાડી રાખો, ભરેલો જ રહેશે. એ રીતે આપણી પાંચ ઇન્દ્રિયો પરમાત્મામાં ડૂબેલી રહે તો સંસાર આપણું શું બગાડી શકે?

# અભયદાનનું મૂલ્ય

રસોડામાંથી બહાર આવી ડ્રોઈંગ રૂમની બહાર ઘડિયાળમાં જોયું તો પોણાબારમાં પાંચ મિનિટ બાકી હતી. રસોઈયા મહારાજે ફ્લેટનો મોટો દરવાજો ખોલી નાખ્યો ને સેફ્ટી ડોર અધુકડો કરી નાખ્યો કારણ કે ઘરમાં એ એકલો જ હતો. ઘરના સભ્યો બધા બહાર ગયા હતા.

દરવાજો બંધ હોય તો જૈન સાધુ ભિક્ષા લીધા વિના ચાલ્યા જાય. સાધુને ગોચરી વહોરવા (ભિક્ષા ગ્રહણ કરવા)નો સમય થઈ ગયો હતો. રસોઈ બધી તૈયાર હતી. સાધુ-સંતો ભિક્ષા લીધા વિના પાછા ન જવા જોઈએ. શેઠ તો ભાવપૂર્વક ગોચરી વહોરાવતા.

એટલી વારમાં સંતનું આગમન થતાં રસોઈયાએ 'પધારો મહારાજ' કહી આવકાર આપ્યો. મિતાહારી સંતે અલ્પ ગોચરી વહોરી અને રસોઈયાને બધાના ક્ષેમકુશળ પૂછ્યા.

રસોઈયો કહે, ''મહારાજ સાહેબ, મને અહીં બહુ મજા છે. તમારે કારણે અહીંની આઠ વર્ષની સર્વિસમાં પગાર ઉપરાંતની કમાણીથી મારી પુત્રીના લગ્નનો તમામ ખર્ચ નીકળ્યો એટલા રૂપિયા મળ્યા.''

જિજ્ઞાસાવશ સંતે પૂછ્યું, ''મારા કારણે કેમ ?''

રસોઈયો કહે, ''મહારાજ સાહેબ, વર્ષો પહેલાં તમે આ શહેરમાં આવ્યા ત્યારે શેઠે તમારો ખૂબ સત્સંગ કર્યો. એના પ્રતાપે એ આટલા દયાળુ બની ગયા કે મને કહે મહારાજ ! રસોઈ કરતાં પહેલાં શાક સમારો ત્યારે બહુ ધ્યાન રાખીને સમારવું. એક નાનો જીવ મરવો ન જોઈએ. શાક એવી રીતે સુધારો કે તેમાં જીવજંતુ હોય તો તેને જતનાપૂર્વક (જાગૃતિપૂર્વક) બચાવો અને જીવે ત્યાં સુધી કાળજી કરો. દરેક જીવ દીઠ હું તમને રૂપિયા એક હજાર આપીશ.

ફળ કે શાક સુધારતા કોઈ ઈયળ કે કોઈ જીવાત નીકળે તો હું તેને સાચવીને અલગ એક વાસણમાં મૂકું. સાથે એ જ શાક કે ફળની એક ચીરી

મૂકી દઉં ને છાંયડે રાખું. એનું આયખું હોય ત્યાં સુધી એ જીવે તેનું ધ્યાન રાખું. જે દિવસે શાકમાં કે ફળમાં કીડા કે ઈયળ નીકળ્યાં હોય તે શેઠને બતાવું. તે જ દિવસે શેઠ મને રૂપિયા એક હજાર રોકડા આપે. આમ, આઠ-આઠ વરસ સુધી આ પૈસા ભેગાં કર્યા તેમાં મારી પુત્રીના થોડાં સમય પહેલાં જ થયેલા લગ્નનો તમામ ખર્ચ નીકળી ગયો. હજી પણ મારું આ નાના જીવોને બચાવવાનું કામ ચાલુ જ છે, પરંતુ હવે હું શેઠ પાસેથી રૂપિયા એક હજાર નથી લેતો.''

સંતે પૂછ્યું, ''કેમ નથી લેતા ?'' ''હવે મારે વધારે પૈસાની જરૂર નથી !'' શેઠ રૂપિયા એક હજાર ખર્ચીને જીવ બચાવવાનો આનંદ લેતા હતા. મેં વિચાર્યું કે જાગૃતિપૂર્વક કામ કરવાની મારી ફરજ છે. આ હજાર રૂપિયાનો ત્યાગ કરી હું જીવ બચાવવાનો હજાર રૂપિયા મળ્યાના આનંદ કરતાં અનેક ગણો આનંદ લઉં છું.'' એમ કહી રસોઈયા મહારાજે સંતને વંદન કર્યા. ગુરુદેવે શેઠ અને આ રસોઈયાની જયણા, જીવદયા અને જીવો પ્રત્યેના અભયદાનની ઉત્કૃષ્ટ ભાવનાની અનુમોદના કરી આશીર્વાદ આપ્યા.

**- ગુણવંત બરવાળિયા**

## એક ખરીદો, બીજું ફ્રી માં




**ગુસ્સો ખરીદો, એસીડીટી ફ્રી માં.**
**ઈર્ષા ખરીદો, માથાનો દુઃખાવો ફ્રી માં.**
**તનાવ (સ્ટ્રેસ) ખરીદો, બ્લડપ્રેશર ફ્રી માં.**
**વિશ્વાસ ખરીદો, મિત્રતા ફ્રી માં.**
**કસરત ખરીદો, તંદુરસ્તી ફ્રી માં.**
**શાંતિ ખરીદો, પ્રગતિ ફ્રી માં.**
**પ્રામાણિકતા ખરીદો, નીંદર ફ્રી માં.**





# દોનોં બૂડે બાપડે

પરમ તત્ત્વજ્ઞ પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ મુમુક્ષુઓ સાથેના સત્સંગમાં 'અસદ્‌ગુરુ' વિષે એક દૃષ્ટાંત આપ્યું હતું. દૃષ્ટાંત રૂપક રૂપે છે. તેઓશ્રીએ કહેલું કે,

"શ્રી રામચંદ્રજી એક વખત કૈલાસ પર્વત પર પધાર્યા હતા. ત્યાં મંત્રીઓ, સેનાપતિ, પ્રજાજનો સાથે અનેક દેવો પણ ઉપસ્થિત હતા. રામચંદ્રજીએ દેવોને કહ્યું કે અયોધ્યામાં કોઈપણ મનુષ્ય દુઃખી હોય તો એને અહીં લઈ આવો. દેવો રામચંદ્રજીની આજ્ઞાને શિરોધાર્ય કરીને અયોધ્યા પહોંચ્યા. આખી અયોધ્યા ફરી વળ્યા, પણ કોઈપણ દુઃખી મનુષ્ય મળ્યો નહીં. પણ એક કૂતરું બહુ દુઃખી હતું. તેને શરીરમાં અનેક કીડાઓ પડ્યા હતા. એટલે દેવો તેને સાચવીને રામચંદ્રજી પાસે લઈ આવ્યા અને કહ્યું કે હે પ્રભુ ! આખી અયોધ્યામાં કોઈપણ મનુષ્ય અમને દુઃખી જોવા મળ્યો નથી. પરંતુ આ એક કૂતરું બહુ દુઃખી હતું. તેના શરીરમાં અનેક કીડાઓ પડી ગયા છે. રામચંદ્રજીએ તે કૂતરા ઉપર પાણી છાંટ્યું એટલે તેના શરીરમાં પડેલા કીડાઓ મનુષ્યો બની ગયા. રામચંદ્રજીએ તેમને પૂછ્યું કે તમે બધાં ભેગાં થઈને શા માટે આ કૂતરાને પીડો છો ? ત્યારે તે મનુષ્યોએ કહ્યું કે પ્રભુ ! આ કૂતરાનો જીવ પૂર્વભવમાં અમારો ગુરુ હતો અને અમે તેમના શિષ્ય હતા. અમે અમારા તન, મન, ધન સર્વસ્વ તેમને અર્પણ કર્યા હતા. અમે તેમને આધીન વર્તતા હતાં પણ તેમણે અમારું કલ્યાણ કર્યું નહીં અને અમારા તન, મન, ધન હરણ કરી ગયા. એટલે તેનો બદલો અમે અત્યારે આ રીતે લઈએ છીએ."

આમ, આ દૃષ્ટાંત કહીને પરમકૃપાળુદેવે કહ્યું, "અસદ્‌ગુરુ પોતે રખડે અને તેમના આશ્રયે આવેલા જીવો પણ રખડે."

પરમકૃપાળુદેવે આવા ગુરુને પથ્થરસ્વરૂપ ગુરુ કહ્યાં છે; જે પોતે પણ ડૂબે અને બીજાને પણ ડૂબાડે. સંત કબીરદાસજીએ સાચું કહ્યું છે,

**"ગુરુ લોભી શિષ્ય લાલચી, દોનોં ખેલે દાવ;**
**દોનોં બૂડે બાપડે, બૈઠ પથ્થર કી નાવ."**

પરમકૃપાળુદેવે અન્યત્ર કહ્યું છે, ''હાલના વખતમાં મનુષ્યોનું કેટલુંક આયુષ્ય બાળપણમાં જાય, કેટલુંક સ્ત્રી પાસે જાય, કેટલુંક નિદ્રામાં જાય, કેટલુંક ધંધામાં જાય અને સહેજ રહે તે કુગુરુ લૂંટી લે. એટલે મનુષ્યભવ નિરર્થક ચાલ્યો જાય.''

આમ, શિષ્યોની જવાબદારી છે કે સાચા ગુરુને શોધવા અને ગુરુની પણ જવાબદારી છે કે પોતે સાચા ગુરુ છે કે નહીં તેની ચકાસણી કરવી. ગુરુ ખરેખર કોને કહેવાય તેના માટે પરમકૃપાળુદેવ શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રમાં જણાવે છે,

**''આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા ગુરુ હોય;**
**બાકી કુળગુરુ કલ્પના, આત્માર્થી નહીં જોય.''**

**- રીના એ. શાહ**

**આરોગ્યના મંત્રો**



- ધાણા સ્વભાવે ઠંડા, ગરમીને મારે દંડા.
- લીંબુ લાગે ખાટું, રોગને મારે પાટું.
- પીળી તૂરી હળદર, શરીરની મટાડે કળતર.
- કઢીમાં મીઠો લીમડો, પ્રગટાવે આરોગ્યનો દીવડો.
- મઘમઘતી હીંગ, રસોડાનો છે કીંગ.
- નાના નાના તલ, શરીરને આપે બળ.
- જીરાવાળી છાશ, પેટ માટે હાશ.
- લીલી સૂકી વરિયાળી, જિંદગી બનાવે હરિયાળી.
- કજિયાનું મૂળ હાંસી, લવિંગ મટાડે ખાંસી.
- પેટને માટે દુઆ, તીખા તીખા સૂવા.
- રોજ રોજ ખારો, ના લો તો સારો.
- કેરીની ગોટલી, આરોગ્યની પોટલી.
- અર્જુનાછાલ, હૃદયના ખોલે વાલ.
- કાળા મરી છે નક્કર, મટાડે એ ચક્કર.



# પુણ્ય છતાં પુણ્ય હોત હૈ...

અબજોપતિ એક શેઠ. સમૃદ્ધિનો કોઈ પાર નહીં. પરંતુ નસીબે કરવત બદલી. પાપના ઉદયે ધંધામાં ખોટ આવતાં શેઠ કરોડપતિમાંથી રોડપતિ બની ગયા. પોતાના પરિવારનું પાલનપોષણ કરવામાં તેમને તકલીફ પડવા લાગી. શેઠના દુઃખની કોઈ સીમા ન રહી.

ચાતુર્માસ માટે નગરમાં જ્ઞાની સંત પધાર્યા. શેઠ તેઓના સત્સંગમાં જતા. શેઠની મુખાકૃતિ જોઈને તેઓ દુઃખી હોવાનું સંતે અનુમાન કર્યું. આ અંગે પૂછતાં શેઠે પોતાની આપવીતી કહી સંભળાવી. સંત નિમિત્તજ્ઞાની હતા. તેઓએ સંતને કહ્યું, ''થોડા દિવસોમાં ફરીથી તમારા જીવનમાં સુખનું આગમન થશે પણ આ સુખ ત્રણ વર્ષથી વધારે નહીં ટકે. ત્યારબાદ તમારે કારમી ગરીબીનો ભોગ બનવું પડશે.''

સંતના વચન અનુસાર શેઠનું ભાગ્ય બદલાયું. તેઓ ફરી અબજોપતિ બની ગયા. શેઠે તો દાનની સરવાણી વહેવડાવી. નિયમિત દેવદર્શન, જિનપૂજા, ભક્તિ, સત્સંગ, સામાયિક, પ્રતિક્રમણ, સ્વાધ્યાય, તપ અને સંયમનું પાલન કરવામાં શેઠનો દિવસનો મોટો ભાગ વીતી જતો. આમ કરતાં ત્રણ વર્ષ વીતી ગયા. એકવાર પેલા જ્ઞાની સંત આ નગરમાં પધાર્યા. ચાર વર્ષ બાદની શેઠની સ્થિતિ જોઈ તેઓ ચકિત થઈ ગયા. પોતાના જ્ઞાનબળથી જાણીને તેઓએ શેઠને કહ્યું, ''ત્રણ વર્ષ બાદ તમારા ભાગ્યમાં કારમી ગરીબી લખાઈ હતી, પરંતુ આ સમયગાળા દરમિયાન તમે એટલા બધા પુણ્યના કાર્યો કર્યા છે કે તમારા પાપકર્મનું સંક્રમણ પુણ્યકર્મમાં થઈ ગયું છે. હવે તમારે ત્યાં સમૃદ્ધિનો કાયમ વાસ રહેશે.''

ઘણા પુણ્યના ઉદયથી માનવદેહની પ્રાપ્તિ થાય છે. તેમાં પણ ઉત્તમ દેશ, ઉત્તમ કુળ, નીરોગી શરીર, દીર્ઘ આયુ, આજીવિકાની ઉપલબ્ધિ, સત્સંગનો યોગ, ધર્મમાં શ્રદ્ધા આદિ મળવા ઘણા દુર્લભ છે. આવી દુર્લભ સામગ્રી આપણને સંપ્રાપ્ત થઈ હોય તો માનવભવને સાર્થક કરવા સ્વ-પર કલ્યાણમય પવિત્ર જીવન જીવવું જોઈએ. પરભવનું ભાથું

બાંધી લેવું જોઈએ. પુણ્યના ઉદયમાં પુણ્યકાર્યો કરી લેવાં.

**"અવસર બીત્યો જાત હૈ, અપને વશ કછુ હોત;**
**પુણ્ય છતાં પુણ્ય હોત હૈ, દીપક દીપકજ્યોત."**

એબીસીડીમાં B અને D ની વચ્ચે C આવે છે; જે સૂચિત કરે છે કે Birth (જન્મ) અને Death (મૃત્યુ) આપણા હાથમાં નથી, પરંતુ તે બન્ને વચ્ચે મળેલી જિંદગી કેવી રીતે જીવવી તેની Choice (પસંદગી) આપણા હાથમાં છે.

આપણે સૌ દુર્લભ માનવદેહને આત્મકલ્યાણ અને પરોપકારાદિ દ્વારા સાર્થક કરીએ તેવી અભ્યર્થના. નૂતન વર્ષે સૌનું જીવન પવિત્ર, પ્યારું, ન્યારું, સુવાસિત, નીતિમય અને ધર્મમય બની રહે તેવી પ્રભુને પ્રાર્થના.

**- મિતેશભાઈ એ. શાહ**

## માતા



- મુખથી બોલું 'મા' ત્યારે સાચે જ બચપણ સાંભરે, પછી મોટપણની મજા બધી, કડવી લાગે કાગડા.
- દીકરા સાથે રહેવા, મા હૃદયમાં હર્ષ રાખે છે,
  દીકરો બીમાર મા માટે અલગથી નર્સ રાખે છે !
- 'મા' ના શ્વાસોશ્વાસમાં તો જીવ્યા આપણે,
  ક્યાં કદી જીવી શકી છે આપણામાં 'મા'?
- એક ઘડી સ્તનપાનનું દેવું માથે જેહ;
  આપું ત્રિભુવન દાનમાં તોય મટે ન તેહ.
- મા-બાપનું માને નહિ, એ પુત્રને ધિક્કાર છે.
  સેવા કરી જાણે નહિ, એ પુત્રને ધિક્કાર છે !
- દેવો ઈશ્વરના રહી શકે હાજર ઘર ઘર મહીં,
  માટે 'મા' સ્વરૂપે જન્મ લીધો આ જગતમાંહી.






# કોચલું તોડો
## (માન્યતા બદલો અને સમૃદ્ધિવાન બનો)

દરિયાના પાણીમાં એક પ્રકારનું જીવડું હોય છે. એ સતત પોતાના મોંમાંથી લાળ બહાર કાઢ્યા કરે છે. પાતળા દોરા જેવી એની લાળ સાથે એટલું બધું મમત્વ હોય છે કે હંમેશાં પોતાની લાળમાં જ આળોટ્યા કરે છે, જેના કારણે લાળ એના શરીરની ફરતે વીંટાતી જાય છે અને દડા જેવો આકાર બનતો જાય છે. આખું શરીર બંધાઈ જવા છતાં એ આળોટવાનું ચાલુ જ રાખે છે. એ શ્વાસ પણ ન લઈ શકે એટલી હદે પોતાની લાળને આસપાસ વીંટાળી દે છે. છેવટે શ્વાસ બંધ થઈ જતાં એ મરણ પામે છે. લાળ સૂકાતા એ કોચલું બની જાય છે અને તે ચમકતા મોતી જેવું દેખાય છે, પરંતુ ચમકતા આ સુંદર મોતીની અંદર એક જીવ ગૂંગળાઈને મરી ગયો હોય છે – પોતાની લાળના મોહમાં.

શું આપણે બધા પણ આવું જ નથી કરતા ? આપણી જાત વિશે, લોકો વિશે, ધંધા માટે, નોકરી માટે, ધનિકો વિશે આપણે જાતજાતની માન્યતાઓ બાંધીએ છીએ. ઉદાહરણ તરીકે, હું ગ્રાહકને 'કન્વીન્સ' ન કરી શકું, ગ્રાહકો લુચ્ચા હોય છે, ધંધામાં અસત્ય બોલવું પડે/ ધંધામાં છેતરપિંડી કરવી જ પડે, મંદીમાં સાહસ ન કરાય, રૂપિયા કમાવવા અઘરા છે – આવી અસંખ્ય માન્યતાઓ બાંધીએ છીએ અને તે આપણને યોગ્ય પણ લાગે છે. તેના પ્રત્યે મોહ પણ હોય છે – પેલા જીવડાંની જેમ....

આપણે આ માન્યતાઓને વાજબી ગણીને એટલા દીવાના થઈ જઈએ છીએ કે આપણે તે જાણવાની દરકાર પણ કરતા નથી કે આ માન્યતાઓ નકારાત્મક છે. આ માન્યતાઓનું મજબૂત કોચલું રચાઈ જાય છે અને માણસ અંદર ફસાઈ જાય છે. નવાઈની વાત એ છે કે કોચલાને એ માણસ પણ જોઈ શકતો નથી – પેલા જીવડાંની જેમ....

જીવનમાં ઘણી બધી સારી તક મળતી હોવાં છતાં આપણને આપણી માન્યતાના કોચલાની કેદ નડે છે અને આપણો વિકાસ થઈ શકતો

નથી. આ માન્યતાનું કોચલું કેમ આટલું બધું નડે છે તેની પાછળના વૈજ્ઞાનિક કારણને સમજીએ.

જ્યારે તમારો કોઈ ગ્રાહક તમારી સાથે લુચ્ચાઈ કરે ત્યારે તમને દુઃખનો અનુભવ થાય છે. તે વખતે તમારા શરીરના તમામ કોષો અને ન્યુરોન્સમાં એ લુચ્ચાઈ અને દુઃખનો અનુભવ નોંધાઈ જાય છે. થોડા સમય બાદ ફરીથી કોઈ ગ્રાહક આવું કરે ત્યારે ફરીથી તેવો અનુભવ થાય છે. તેના કારણે જૂનો અનુભવ વધુ મજબૂત બને છે. આપણા ન્યુરોન્સ તમામ અનુભવોને મેમરીમાં રાખતા હોય છે. જ્યારે ત્રીજી વાર ગ્રાહક સામે આવે ત્યારે ન્યુરોન્સ જ આપણને આંતરિક મેસેજ આપી દે છે કે 'ધ્યાન રાખજે.' છતાં આપણે છેતરાઈ જઈએ તો આપણા તરફથી ન્યુરોન્સને મેસેજ મળી જાય છે કે "હા, તમારી વાત સાચી હતી. મારે ધ્યાન રાખવા જેવું હતું." પછી જ્યારે પણ કોઈ ગ્રાહક આવે ત્યારે તમારો દરેક ન્યુરોન્સ એવું માનતો હોય છે કે "લુચ્ચો આવ્યો" અને આ સાથે જ "ગ્રાહકો લુચ્ચા હોય છે" એવી માન્યતાનું સ્થાપન થઈ જાય છે. ત્યારબાદ નવા ગ્રાહક સાથે પણ આપણે એવું જ વર્તન કરી બેસીએ છીએ, જે આપણી માન્યતા હોય.

જો મુક્તિનો આનંદ માણવો હોય તો આ માન્યતાનું કોચલું તોડવું પડશે. સફળ ઉદ્યોગપતિઓ, ખેલાડીઓ, કલાકારો, રાજપુરુષોની સફળતાની શરૂઆત એમણે પોતાની માન્યતાઓનું કોચલું તોડ્યા પછી જ થઈ શકે છે. જો એ લોકો કોચલું તોડી શકતા હોય તો આપણે કેમ ન તોડી શકીએ ? માટે જ આ નવા વર્ષમાં આગ્રહપૂર્વક વિનંતી કરું છું કે જો આગળ વધવું હોય તો જૂની નકારાત્મક માન્યતાઓ-કોચલું તોડો અને દરેક માણસને આપણે પ્રથમ વખત મળીએ છીએ તેવી શુદ્ધ ભાવના સાથે વ્યવહાર કરીએ અને સફળતાને આંબીએ... બરાબર ને.... !!!

**સંકલન : ડૉ. દીપકભાઈ આઈ. પટેલ**

**ધીરજ એટલે રાહ જોવાની ક્ષમતા નહીં**
**પણ રાહ જોતી વખતે સ્વભાવને કાબૂમાં રાખવાની ક્ષમતા.**

# ભેદભાવ મિટાવીએ

એક ઘણું જ પ્રાચીન મંદિર હતું. મંદિર એટલે લાખો શ્રદ્ધાળુઓની શ્રદ્ધા અને આસ્થાનું પ્રતીક. આ મંદિરનું બાંધકામ જીર્ણ-શીર્ણ થઈ ગયું હતું. શ્રદ્ધાળુ ભક્તોએ વિચાર કર્યો કે આપણે આલીશાન બંગલામાં રહીએ અને આપણા પ્રભુનું મંદિર આવું જીર્ણ હોય તે કેમ ચાલે ? બધાએ વિચારવિમર્શ કરી મંદિરનો જીર્ણોદ્ધાર કરાવવાનું નક્કી કર્યું.

મંદિરના ગુંબજોમાં, શિખરો પર, ધ્વજાદંડમાં વગેરે અનેક જગ્યાએ ઘણા બધા કબૂતરોનો વસવાટ હતો. તેમને ચિંતા થવા લાગી કે આ મંદિર પાડી નાખશે તો આપણે ક્યાં જઈશું ? થોડે દૂર મસ્જિદ હતી. ત્યાં જે કબૂતરો રહેતા હતા તેમને મંદિરના કબૂતરોની સમસ્યાની ખબર પડી. તેઓ મંદિરના કબૂતરો પાસે આવ્યા અને કહ્યું કે તમે થોડો સમય મસ્જિદમાં અમારે ત્યાં રહેવા આવી જજો. થોડે દૂર ગુરુદ્વારા અને ચર્ચ હતું. ત્યાંના કબૂતરોને ખબર પડતાં તેમણે પણ મંદિરના કબૂતરોને પોતાને ત્યાં આવી રહેવા માટે આમંત્રણ આપ્યું. આમ, મંદિરના કબૂતરોને ચર્ચ, ગુરુદ્વારા, મસ્જિદ વગેરે બધી જગ્યાએ રહેવા મળ્યું. મંદિર નવું બંધાઈ જતાં કબૂતરો પોતાના મૂળ સ્થાને પાછા ફર્યા. મંદિરમાં ફરીથી વસવાટ શરૂ કર્યો.

એવામાં એક બચ્ચાએ તેના પપ્પાને પૂછ્યું, "પપ્પા, આપણે ઘણી જગ્યાએ ફર્યા. ત્યાં મેં જોયું કે મંદિરે આવે તે હિન્દુ, મસ્જિદમાં આવે તે મુસ્લિમ, ચર્ચમાં આવે તે ખ્રિસ્તી, ગુરુદ્વારામાં આવે તે શીખ, દેરાસરમાં આવે તે જૈન - આવું કેમ ? આપણે તો મંદિરમાં હતા ત્યાં પણ કબૂતર જ હતા. ત્યાંથી મસ્જિદ, ચર્ચ, ગુરુદ્વારામાં ગયા તો પણ કબૂતર જ કહેવાઈએ. આપણે જેમ એકસરખાં દેખાઈએ તેમ માણસ પણ સરખાં જ દેખાય, તો પછી તે હિન્દુ-મુસ્લિમને બદલે માણસ તરીકે જ કેમ નથી ઓળખાતા ?"

પપ્પાએ તેના બચ્ચાને વહાલ કરતાં કહ્યું, "બેટા ! આપણે તો કબૂતર, આપણામાં માણસ જેવી બુદ્ધિ ક્યાંથી હોય ? માનવી તો શાણો, દીર્ઘદૃષ્ટિવંત અને બુદ્ધિમંત છે. એની બુદ્ધિ ઘણી તેથી તેણે આવા ભેદભાવ ઊભા કર્યા છે!!"

બસ, આ ભેદભાવ જ છે માનવીના દુઃખનું કારણ. મનુષ્યની સામે સૌથી મોટો પ્રશ્ન સ્વયંની આત્મચેતનાને જાગૃત કરવાનો છે. ધર્મ દુનિયાના માનવી માટે માર્ગદર્શક બનવો જોઈએ. એને બદલે આજે હુંસાતુંસી, ઝઘડાઓ, ભેદભાવ, સાંપ્રદાયિક દીવાલો ધર્મને કારણે વધી છે. ધર્મનું મૂળ અહિંસા છે, પરંતુ આજે ધર્મના નામે હિંસા થઈ રહી છે. ધર્મ અપરિગ્રહના પાઠ ભણાવે છે પરંતુ આજે જીવનમાં પરિગ્રહના ઠાઠ વધી ગયા છે. ધર્મ માણસને સંકુચિત બનાવવા નહિ, પરંતુ વિશાળતાનો વડલો બનવામાં મદદરૂપ થાય છે. એ ધર્મ ક્યારેય જીવંત નથી રહી શકતો કે જે મંદિરો અને સ્થાનકોની દીવાલમાં કેદ હોય, શાસ્ત્રોની પોથીમાં બંધ હોય. ખરેખર, ધર્મ એ શું છે ?

**ધર્મ ન હિન્દુ શીખ હૈ, ધર્મ ન મુસ્લિમ જૈન,**
**ધર્મ ચિત્ત કી શુદ્ધતા, ધર્મ શાંતિ-સુખ-ચૈન.**

ધર્મ એ જીવન જીવવાની કળા છે, સ્વભાવ છે, જીવનશૈલી છે. ધર્મ એ આચારમાં આચારાન્વિત થવાને બદલે ગ્રંથોની ગાથા બનીને ગોખણિયું જ્ઞાન બની જશે, ક્રિયાઓનું કાંડ બની કર્મમાં જ ગોથા ખાતો રહેશે તો જીવનનો ઉદ્ધાર કઈ રીતે થશે ? ધર્મના નામે ફેલાયેલા ઝેરથી આ સમગ્ર જીવસૃષ્ટિ ત્રાસી ગઈ છે. ધર્મને એવી રીતે અપનાવીએ કે માનવી-માનવી વચ્ચે પ્રેમ, કરુણા, મૈત્રી અને વિશ્વાસ વધે.

વર્તમાને જરૂર છે આ કટ્ટરતાના, ધર્માંધતાના, સાંપ્રદાયિકતાના, સંકુચિતતાના ઝેરને કાઢી દૃષ્ટિને, અંતરને વિશાળ બનાવવાની અને બુદ્ધિનો રચનાત્મક રીતે ઉપયોગ કરવાની. માનવી જ માનવીનો દુશ્મન બન્યો છે. આ દુશ્મનાવટની દીવાલો તોડી, મજહબનો સાચો અર્થ સમજવાની આવશ્યકતા છે.

**- પારુલબેન બી. ગાંધી**

**બાલમંદિરથી લઈ કૉલેજ સુધી બધું ભણ્યા - ત્રિકોણ, ગુરુકોણ, લઘુકોણ, ષટ્કોણ.... પણ 'હું કોણ ?' એ તો સદ્ગુરુ થકી જ જાણવા મળે.**

# રત્નકણિકાઓ

- વ્યક્તિ શબ્દોને સ્પર્શ કરી શકતી નથી પણ શબ્દો દરેક વ્યક્તિને સ્પર્શ કરી જાય છે.
- શિષ્યત્વ એટલે ક્ષણે-ક્ષણે ગુરુત્વનું સંવેદન.
- અહંકાર જીદ કરાવે છે, જ્યારે પ્રેમ જતું કરાવે છે.
- દુઆ કા રંગ નહીં હોતા, મગર યે રંગ લે આતી હૈ.
- ભૂલ પીઠ જેવી છે; બીજાની દેખાય, આપણી નહીં.
- દિલથી કરેલી મદદ, હૃદયથી કરેલો પ્રેમ અને મુખથી લીધેલું ભગવાનનું નામ - ક્યારેય વ્યર્થ જતાં નથી.
- જિંદગી વન-ડે મેચ જેવી છે; જેમાં રન તો વધી રહ્યા છે પણ ઑવર ઘટી રહી છે એટલે ધન તો વધી રહ્યું છે પણ ઉંમર ઘટી રહી છે. માટે રોજ પુણ્યના ચોગ્ગા-છગ્ગા લગાવો.
- જીવનમાં આવતી મુશ્કેલીઓ, રૂથી ભરેલા કોથળા જેવી હોય છે, જો જોયા જ કરો તો બહુ મોટી દેખાશે પણ ઉપાડી લેશો તો હળવી જ હોય છે.
- ધન આતે હી સુખ મિલેગા - કોઈ ગેરંટી નહીં, કિન્તુ ધર્મ આતે હી જીવન સુખમય બનેગા - ઈસમેં કોઈ સંદેહ નહીં.
- આંખો બંધ થાય તે પહેલાં 'ઉઘડી' જાય તો આ જન્મારો સુધરી જાય.
- જે પરિસ્થિતિ તમને તકલીફ આપે છે, એ જ તમને જીવનમાં ઊંચે આવવાની તાલીમ પણ આપે છે.
- સંબંધોની સિલાઈમાં સ્વાર્થનો નહીં પણ લાગણીઓનો દોરો વાપરશો તો ક્યારેય નહીં તૂટે.
- વાણી, વર્તન અને વિચાર પોતાની કંપનીની પ્રોડક્ટ છે, જેટલી ગુણવત્તા ઊંચી રાખશો એટલી વધુ કિંમત મળશે.
- જીવનમાં ઊંડામાં ઊંડા ઘા પણ રૂઝાઈ જાય - જો આપણે તેને ખોતરવાના બંધ કરી દઈએ તો !

- હાથમાંથી છૂટે એ ત્યાગ અને હૈયામાંથી છૂટે એ વૈરાગ્ય.
- હિંમત ક્યાંય ભાડે મળતી નથી અને કોશિશના ક્યાંય કારખાના નથી હોતા. બન્ને પોતે જ કરવાં પડે છે.
- ભિક્ષાપાત્ર તો ભરાઈ શકે છે, પરંતુ ઈચ્છાપાત્ર કદી ભરાતું નથી. સંતોષમાં પરમ સુખ છે.
- સંબંધોમાં એકબીજાની હૂંફ હોય તો ક્યારેય હાંફ ન ચઢે.
- પાણી મર્યાદા તોડે તો વિનાશ થાય, પરંતુ વાણી જો મર્યાદા તોડે તો સર્વનાશ થાય.
- બીજાની ભૂલ કાઢવા માટે ભેજું જોઈએ અને પોતાની ભૂલ સ્વીકારવા માટે કલેજું જોઈએ.
- જીવનમાં બે બાબત વ્યક્તિને દુઃખી કરે છે - જીદ અને અભિમાન. જીવનમાં બે બાબત વ્યક્તિને સુખી કરે છે - જતું કરવાની ભાવના (Let go) અને બીજું સમાધાન (Compromise).
- અસંતોષનું એક કારણ છે - સરખામણી.
- ચર્ચા એટલે વિચારોની આપ-લે અને દલીલ (કુતર્ક) એટલે અહમ્‌ની આપ-લે.
- ગમે તેટલું ‘ધન’ કમાઓ પણ મૃત્યુનોંધમાં ‘નિધન’ જ લખાશે.
- ઉદયને જાણે એ જ્ઞાન, ઉદયથી પોતાને ભિન્ન જાણે એ ભેદજ્ઞાન.
- શરીરની કિંમત દાક્તરની ફી સાંભળ્યા પછી વધુ સમજાય છે !
- આનંદમાં રહેવા માટે સુવિધાની નહીં, સમજણની જરૂર છે.
- આપણને વાગે ને દર્દ થાય તે વેદના, બીજાને વાગે ને દર્દ આપણને થાય તે સંવેદના.
- તમારા પરસેવાનો રૂપિયો પર-સેવામાં વપરાય તો જીવન સફળ માનજો.
- ચિંતા ઊધઈ જેવી હોય છે, જેના જીવનમાં ઘર કરી જાય એનો સર્વનાશ કરીને જ જંપે છે.
- વિશ્વાસ એવી શક્તિ છે, જેનાથી વેરાન જીવનમાં પણ પ્રકાશ લાવી શકાય છે.

# આઠમી પેઢીની દુર્દશા અકળાવે છે !

અપાર જાહોજલાલી ધરાવતા અને અઢળક ધનભંડારના સ્વામી શેઠ વ્યોમેશચંદ્રને ચાર સુશીલ પુત્રો હતા. આટલી બધી સમૃદ્ધિ હોવા છતાં શેઠ વ્યોમેશચંદ્ર સતત ચિંતાતુર રહેતા હતા. આ ચિંતાને કારણે તેમનો દેહ પણ કૃશ થઈ ગયો હતો. એમની આવી દયનીય સ્થિતિ જોઇને એમના મિત્રએ પૂછ્યું, ''તમારી પાસે કુબેરભંડાર છે. માગો તે મળે તેમ છે, તો પછી આટલા બધા ચિંતાતુર કેમ રહો છો ?''

ધનવાને કહ્યું, ''એક મહાત્માએ ભવિષ્યવાણી ભાખી છે કે તારી સાત પેઢી મોજથી જીવી શકે એટલું ધન તે સંગ્રહિત કર્યું છે. તારી સાત પેઢીને તો કશોય વાંધો નહીં આવે, પરંતુ તારી આઠમી પેઢીની દશા ભારે બૂરી થશે અને નિર્ધન હાલતમાં જીવવું પડશે.''

મહાત્માની આ વાત સાંભળીને આ ધનિક પરેશાન થઈ ગયો. એને સાત પેઢીનું સુખ દેખાતું નહોતું, પણ આઠમી પેઢીની દુર્દશા સતાવતી હતી!

એવામાં નગરમાં એક સંતની પધરામણી થઈ. ધનવાન એમની પાસે દોડી ગયો અને પોતાની ચિંતા વ્યક્ત કરી. મહાત્માએ કહ્યું, ''મારી કુટિરથી એક કિલોમીટર દૂર એક દીન-હીન મહિલા વસે છે. એ એકલી છે. એનું કોઈ નથી. પહેલાં એને એક કિલો લોટ આપી આવ, પછી હું તને તારી ચિંતાનો ઉપાય બતાવીશ.''

ધનવાન ઝૂંપડીમાં રહેતી પેલી સ્ત્રીને લોટ આપવા માટે ગયો અને લોટ સ્વીકારવા માટે ખૂબ આગ્રહ કર્યો. ગરીબ સ્ત્રીએ એનો ટૂંકમાં જવાબ આપતાં કહ્યું,

''ત્રણ દિવસ ખાઇ શકું એટલો લોટ ઘરમાં છે. વધારે લોટ ભેગો કરવાની મારી ઇચ્છા નથી. ભલે કાલે જે થવાનું હોય તે થાય !''

ગરીબ વૃદ્ધાના ઉત્તરે શેઠને વિચારતા કરી મૂક્યા. એમણે વિચાર્યું કે એક દીન-હીન, લાચાર મહિલા ત્રણ દિવસથી વધુ દૂરના ભવિષ્યની ચિંતા કરતી નથી, જ્યારે હું અત્યંત ધનવાન હોવા છતાં ભવિષ્યની આઠમી પેઢીની ચિંતા કરું છું !



## શ્રદ્ધાનું અકલ્પ્ય સ્તર

ભારતમાં સુપ્રસિદ્ધ મરાઠી લોકનેતા થયા, નામે સંત વિનોબા ભાવે.

તેઓ કહેતા કે મને જેટલી શ્રદ્ધા ભગવદ્‌ગીતા પર છે તેટલી જ શ્રદ્ધા ભગવાન મહાવીર પર છે. તેઓ જૈન ન હોવા છતાં આ શ્રદ્ધા તેમનામાં હાડોહાડ વસેલી.

વિનોબાજી બીમાર પડ્યા. માંદગી વધી. દાક્તરે કહ્યું કે હવે ૨૪ કલાક છેલ્લા ગણાય. વિનોબાજીએ કહ્યું, ''દાક્તર, તમે ખોટા પડશો. હું વહેલો મરીશ નહીં, મેં વર્ષોથી ભગવાન મહાવીરને પ્રાર્થના કરી છે કે તમારા નિર્વાણ સમયે મને મૃત્યુ દેજો, અને ભગવાન મહાવીરના નિર્વાણદિન (આસો વદ અમાસ) ને હજુ એક મહિનાની વાર છે. મારી પ્રાર્થના નિષ્ફળ નહીં જાય.''

દાક્તર પણ થોડા સંકોચાયા. આટલા મોટા માણસને ઝાઝું કહેવાય પણ શું ? છતાં કહ્યું, ''શરીરવિજ્ઞાનની દૃષ્ટિએ હવે આપના શરીરમાં કંઈ બચ્યું નથી.''

વિનોબાની શ્રદ્ધાએ વિજ્ઞાન ઓળંગ્યું. બીજો એક મહિનો તેઓ રહ્યાં, અને આસો વદ અમાસની રાત્રે ચાર વાગ્યે તેઓનું દેહાવસાન થયું.

એક મરાઠી ભક્તની કેવી શ્રદ્ધા !

સ્વયંની શ્રદ્ધાનું સ્તર વિનોબા ભાવેની શ્રદ્ધા સામે કેવું ગણાય એ જરા તપાસજો ને !

## પછી શું કરું ?




પહેલી જ વાર અમેરિકામાં રેલવેલાઇન ચાલુ થઈ રહી હતી. પાટાઓનું ચેકીંગ કરવા નીકળેલા ઇજનેરે નજીકના જ ખેતરમાં કામ કરતા એક ખેડૂતને જોયો. બૂમ પાડી તેને બોલાવ્યો,

''રોજ અહીંયા ચાલીને આવતા તને કેટલો સમય લાગે છે ?''

''જતા-આવતા અઢી કલાક તો ખરા જ !''

''જો, એક ખુશખબર છે... આ રસ્તે આજથી બરાબર એક મહિના બાદ રેલવે ચાલુ થવાની છે. તેમાં બેસીને તું આવીશ તો તને અઢી કલાકને બદલે માત્ર દશ મિનિટ જ લાગશે. તારો ઘણો સમય બચી જશે.''

''તમારી એ વાત તો સાચી, પરંતુ બચી ગયેલા સમયમાં મારે કરવાનું શું ?''

ખેડૂતના આ પ્રશ્નનો જવાબ ઈજનેર ન આપી શક્યો.

મશીનના ઝડપી યુગમાં જીવતા આજના માનવી પાસે પણ આનો જવાબ નથી. મશીને સમય તો ઘણો બચાવી દીધો છે પરંતુ સમયનો સદુપયોગ કરવાની કળા જ ન હોવાના કારણે બચી ગયેલા એ સમયમાં માનવી શેતાન કરતાં ભયંકર બની ગયો છે.વીતેલી એક ક્ષણ પણ પાછી મળતી નથી. એક ક્ષણ પણ નકામી ન જવા દો.

## સત્સંગની અસર

સત્સંગમાં નિયમિત આવતા ભક્ત અચાનક આવતા બંધ થઈ જતાં સંતે તેનું કારણ પૂછ્યું ત્યારે ભક્તે કહ્યું કે સત્સંગનો એકેય શબ્દ યાદ રહેતો નથી.

પછી સંતે તેમને છાણવાળો ગંદો થઈ ગયેલો ટોપલો આપીને કહ્યું, ''આ ટોપલામાં પાણી ભરી લાવો.'' ભક્ત હોજમાંથી પાણી ભરીને લાવ્યા. સંપૂર્ણ પાણી ટોપલાના છિદ્રોમાંથી નીકળી ગયું.

સંતે ફરી પાણી લેવા મોકલ્યા, ફરીને એવું જ થયું. પેલા ભક્તે કહ્યું, ''હે સ્વામીજી, આ ટોપલામાં પાણી નહીં રહે. મને શું કામ ધક્કા ખવડાવો છો ?'' ત્યારે સંતે કહ્યું, ''પાણી ન રહ્યું તો કાંઇ નહીં, પણ કચરો તો નીકળી ગયો !''

સત્સંગમાં ભલે યાદ ન રહે, પરંતુ સત્સંગના શબ્દો શ્રવણ થતાં હૃદયમાં રહેલ કામ, ક્રોધાદિક દોષોનો કચરો તો જરૂર બહાર નીકળી જશે. સત્સંગનું આ મોટું ફળ છે.

## શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા
## સંસ્થાપક - પ્રેરક : પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી

### સંસ્થાના મુખ્ય ઉદ્દેશો

(૧) ભારતીય સંસ્કૃતિના શાશ્વત સત્ય મૂલ્યોનું પ્રતિષ્ઠાપન, સંરક્ષણ અને સંવર્ધન.

(૨) અધ્યાત્મશાસ્ત્રોનું અને અનેકાંતવિદ્યાનું અધ્યયન-અધ્યાપન-સંશોધન-પ્રકાશન તથા અનુશીલન.

(૩) ભક્તિસંગીતની સાધના અને વિકાસ.

(૪) યોગસાધનાનો અભ્યાસ અને સમાજના સ્વાસ્થ્ય માટેના કાર્યોમાં દવાખાનાના સંચાલન આદિ દ્વારા સહયોગ આપવો.

(૫) સમર્પણયોગ અને આજ્ઞાપાલનની જિજ્ઞાસાવાળા વિશિષ્ટ સાધક મુમુક્ષુઓનું આચારસંહિતામાં સ્થાપન.

### પ્રવૃત્તિઓ

(૧) **સત્સંગ-સ્વાધ્યાય-ભક્તિ તથા ધ્યાનનો અભ્યાસ :**
ભારતીય સંસ્કૃતિને અનુરૂપ, આધ્યાત્મિક મૂલ્યોને જીવનમાં વિકસાવવા માટે, સદ્‌ગુણસંપન્નતાની સિદ્ધિ માટે આ કાર્યક્રમોને કેન્દ્રની દૈનિક પ્રવૃત્તિમાં આવરી લેવામાં આવ્યા છે.

(૨) **સાહિત્યિક પ્રવૃત્તિઓ :** જીવનને સાત્ત્વિક બનાવવામાં પ્રેરણા આપનારા લગભગ ૧૪,૦૦૦ ગ્રંથોવાળા પુસ્તકાલયનું કેન્દ્રમાં આયોજન થયું છે. સંસ્થાએ આજ સુધીમાં ગુજરાતી, હિન્દી, અંગ્રેજી તથા સંસ્કૃત-પ્રાકૃત ભાષાઓમાં ૫૦ જેટલા નાના-મોટા ગ્રંથો પ્રકાશિત કરેલ છે. આત્મધર્મને ઉપદેશતું સંસ્થાનું 'દિવ્યધ્વનિ' નામનું આધ્યાત્મિક મુખપત્ર છેલ્લા ૪૪ વર્ષથી પ્રગટ થાય છે; જેની કુલ સભ્યસંખ્યા ૪૮૫૦ થી વધુ છે. આ ઉપરાંત વૈવિધ્યપૂર્ણ શિબિરો, તીર્થયાત્રાઓ, નિદાનયજ્ઞો આદિ અનેકવિધ આધ્યાત્મિક અને ગુરુકુળ-સંચાલન દ્વારા સંસ્કાર-સિંચક પ્રવૃત્તિઓ વખતોવખત થતી જ રહે છે.

(૩) **સેવાકીય પ્રવૃત્તિઓ :** મેડિકલ સેવાઓ, રક્તદાન કેમ્પ, કપડાં-અનાજ વિતરણ, છાશવિતરણ, જીવદયા આદિ પ્રવૃત્તિઓ.

**Registered under RNI No. : GUJGUJ/2008/25883**

Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal Regd. No. : L-5-131-309/2021-2023 issued by SSP Ahmedabad Valid upto 31-12-2023 - Publication Date 15th of every month





**“હું આત્મા છું, આપનો સેવક છું, સૌનો મિત્ર છું.” - સંત શ્રી આત્માનંદજી**

## આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા

૧ 'દિવ્યધ્વનિ' નવેમ્બર-૨૦૨૧ ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/- નો આર્થિક સહયોગ
સ્વ. પ્રવીણચંદ્ર જે. વીપાણીના સ્મરણાર્થે **હસ્તે :** ચંદ્રિકાબેન પી. વીપાણી પરિવાર, USA
તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

૨ 'દિવ્યધ્વનિ' નવેમ્બર-૨૦૨૧ ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/- નો આર્થિક સહયોગ
શ્રી મહેન્દ્રભાઈ શરદચંદ્ર મહેતા પરિવાર **હસ્તે :** શ્રી નીકિતા મહેન્દ્રભાઈ મહેતા પરિવાર, પૂના
તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

**Printed & Published by** Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of
**Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra** - Koba - 382 007. Dist. Gandhinagar (Gujarat).
Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate, Bardolpura, Ahmedabad - 380 004. **Editor :** Shri Mitesh A. Shah